



સ્વાતંત્ર્ય દિવસની શુભકામનાઓ

# વાયડામિત્ર


**વર્ષ : ૧૦૨ ઓગસ્ટ - ૨૦૨૪ અંક : ૮**

*કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)*

**R.N.I No.: 6316/57**






*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES







- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

**Trupti Rajendra Shah**
**Rahul Shah**

**Bipin Shah**
**Geeta Shah**
**Dhaval Shah**

**Jitendra Shah**
**Sunita Shah**

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East), Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

*ઓગસ્ટ ૨૦૨૪, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૨, અંક-૮*

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી-૬૦૨, વિશ્ણુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે,

ગોતા-જગતપુર રોડ, અમદાવાદ - ૩૮૨ ૪૭૦

ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮(સાંજે ૭.૦૦ પછી)

ઈ-મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/-

*સુજ્ઞ જ્ઞાતિજનો, વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.*

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# ભારતવાસીને એક સંદેશ



મારો ભારત દેશ છે રૂડો વિદેશ મારે જાવુ નથી
એવી પુણ્ય ભૂમિને છોડી વિદેશ મારે જાવું નથી.
ભલે જુવાનિયા રૂપિયા કમાવવા ને જાય,
મારે પરિવારનો પ્રેમ તરછોડી વિદેશ મારે જાવુંનથી.
મારો ભારત દેશ છે રૂડો, વિદેશ મારે જાવું નથી.
ભલે ઉંચી ઉંચી વિદ્યાલયો વિદેશમાં રહી,
મારે ગુરુકુળનું શિક્ષણ છોડી વિદેશમાં જાવું નથી.
મારો ભારત દેશ છે રૂડો વિદેશ મારે જાવું નથી...
મને સંતો–મહંતોની ભૂમિ મળી,
મારે કનૈયાનું વૃદાવન છોડી વિદેશમાં જાવુ નથી,
મારો ભારત દેશ છે રૂડો વિદેશ મારે જાવું નથી...
અહી વિવિધ ભોજનની મીઠાશ મળે,
મારે સાત્વિક ભોજન છોડી વિદેશમાં જાવુ નથી
મારો ભારત દેશ છે રૂડો વિદેશ મારે જાવું નથી...
ભલે પચરંગી પ્રજા મારા દેશમાં રહી,
અહીં વિવિધતામાં એક્તા જોઈ વિદેશ મારે જાવું નથી
મારો ભારત દેશ છે રૂડો વિદેશ મારે જાવું નથી...
મને કૃષ્ણભજન ને સતસંગ મળ્યા,
મારે દ્વારકાધીશ છોડી વિદેશ મારે જાવુ નથી,
મારો ભારત દેશ છે રૂડો વિદેશ મારે જાવું નથી...
ભારત માતાની ભૂમિ છે રળિયામણી,
મારી માતાના ખોળા ને છોડી વિદેશમાં જાવું નથી
મારો ભારત દેશ છે રૂડો વિદેશ મારે જાવું નથી....

**- પ્રવિણાબેન દિપકભાઇ દલાલ, મુંબઈ**
**મો. ૮૩૬૯૯ ૮૧૮૩૨**

સ્વ. સોહાગિનીબહેન તથા સ્વ. નવનીતભાઈ બી. શાહ (દેત્રોજવાળા) ના જય શ્રી કૃષ્ણ.

# પ્રત્યેક રાષ્ટ્રભક્તનું સ્વપ્ન: અખંડ ભારત



'મને વાસ્તવિક ફરિયાદ એ છે કે રાષ્ટ્રવાદી મુસ્લિમો તરફ માત્ર કોન્ગ્રેસ જ નહીં તો મહાત્મા ગાંધી પણ ઉદાસીન રહ્યા. તેમણે ઝિન્નાને તથા તેમના સામ્પ્રદાયિક અનુયાયીઓને જ મહત્વ આપ્યું. મને પૂર્ણ વિશ્વાસ છે કે જો તેમણે મારું સમર્થન કર્યું હોત તો અમે ઝિન્નાની દરેક વાતનું ખંડન કરત અને ભાગલાવાદી આંદોલનનાં પ્રારંભકાળથી જ પૂરતી સંખ્યામાં મુસ્લિમોને રાષ્ટ્રવાદી બનાવી શકાત.'– ન્યાયમૂર્તિ મોહમ્મદ કરીમ છાગલા.

ઉપરનું અમૂલ્ય કથન વાંચીને દરેક રાષ્ટ્રવાદીનાં મનમાં એક વાતનો વિચાર ચોક્કસ આવવો જોઈએ કે શું ભારતનાં ભાગલા પડ્યા તે નિર્ણય યોગ્ય હતો ? જો ના, તો હવે આપણે આ બાબતે શું કરી શકીએ તેમ છીએ ? શું હવે આપણે આપણાં ભારતને ફરીથી અખંડ ભારત બનાવી શકીએ તેમ છીએ ? કે પછી 'અખંડ ભારત'ની આ કલ્પના ફક્ત કલ્પના માત્ર છે ? તેને હકીકતમાં ફેરવવી અઘરી છે ? આપણાં આ બધાં જ પ્રશ્નોનો વિગતવાર જવાબ અને એ પણ સાચા સંદર્ભો સાથે જાણવો હોય તો આપણે સૌએ એક ઐતિહાસિક પુસ્તક ચોક્કસ વાંચવું જોઈએ, જે આપણને આપણાં ઇતિહાસની સાથે આપણાં સોનેરી ભવિષ્યની સફર પર લઈ જાય છે અને તે મૂલ્યવાન પુસ્તકનું નામ છે – 'પ્રત્યેક રાષ્ટ્રભક્તનું સ્વપ્ન – અખંડ ભારત'.

આપણે સૌ હંમેશા પોતાનાં વ્યક્તિગત સ્વપ્ન જોતાં હોઈએ છીએ કે, 'મારે ડૉક્ટર બનવું છે.', 'મારે મોટું ઘર લેવું છે.' 'નવી કાર લેવી છે.' વગેરે પરંતુ હજુ સુધી આપણે સૌ ભારતીયો, રાષ્ટ્રભક્તો એક સાથે એક સ્વપ્ન નથી જોઈ રહ્યાં કે આપણું ખંડિત ભારત ક્યારે 'અખંડ ભારત' બનશે. જ્યારે આપણે સૌ ભારતીયો એક સાથે આ સ્વપ્ન જોઈશું તથા તેના પર વિશ્વાસ કરીશું ત્યારે જ આજે નહીં તો આવતીકાલે પણ આપણું આ સ્વપ્ન ચોક્કસ પરિપૂર્ણ થશે જ. પરંતુ આપણું આ 'અખંડ ભારત'નું સ્વપ્ન સાકાર થશે કેવી રીતે ? તેની શરૂઆત કેવી રીતે કરવી પડશે ? આપણાં આ 'ખંડિત ભારત'નાં સાચાં ઇતિહાસથી શરૂ કરીને આગામી સમયમાં આપણે કેવી રીતે આપણું ભારત અખંડ બનાવી શકીશું. તેની પદ્ધતિસરની સમજ સાથેનું આ ખૂબ જ અદ્‌ભુત પુસ્તક આપણને ઇતિહાસની સાથે

દીપક કાંતિલાલ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

આપણાં સોનેરી ભવિષ્યની સફર પર લઈ જાય છે.

મૂળ હિન્દી ભાષામાં લખાયેલ લેખક શ્રી ડૉ. સદાનંદ દામોદર સપ્રેજી અને અર્ચના પ્રકાશન, ભોપાલ દ્વારા પ્રકાશિત આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ શ્રી શ્રીકાંત કાટદરે કર્યો છે અને આ પુસ્તકનું ગુજરાતી ભાષામાં પ્રકાશન રાષ્ટ્રવાદી પ્રકાશન સંસ્થા ભારતીય વિચાર મંચ, અમદાવાદે કર્યું છે.

લેખક શ્રી ડૉ. સદાનંદ દામોદર સપ્રેજી પ્રસ્તાવનામાં જણાવે છે કે, 'આ પુસ્તકનાં પૂર્વાર્ધમાં ભારત વિભાજન થવાની કારણમીમાંસા કરવામાં આવી છે અને ઉત્તરાર્ધમાં અખંડ ભારતનાં શક્ય ઉપાયોનું વિવેચન કરવામાં આવ્યું છે. આ પુસ્તકનાં લેખકમાં, ખાસ કરીને પૂર્વાર્ધમાં, શ્રી હો. વે. શેષાદ્રીનાં પુસ્તક *'और देश बंट गया'* (સુરુચિ પ્રકાશન, દિલ્હી)નો સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગ થયો છે. લેખક તેમનાં ઋણી છે. ભારત વિભાજન બાબતે વધુ જાણવા ઇચ્છતા વાચકોએ ઉપરનું પુસ્તક અવશ્ય વાંચવું જોઈએ. આ પ્રકારના વિષયમાં બધી જ વાતો સાથે બધા સહમત થાય એ શક્ય નથી. પરંતુ મૂળભૂત વાત ભારત વિભાજનની વેદના અને અખંડ ભારતની આકાક્ષાં સાથે બધા સહમત થશે જ. એ જ મહત્વની વાત છે. કારણ આ પુસ્તકનો હેતુ જ વધુને વધુ લોકો સુધી વિષય પહોંચાડવાનો છે.

પ્રકાશક, ભારતીય વિચાર મંચ, અમદાવાદ આ પ્રસ્તાવનામાં લખે છે, 'આજે જ્યારે સંપૂર્ણ દેશ સ્વાધીનતાનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે દેશભક્તિથી પ્રેરાઈને અમૃત મહોત્સવ ઉજવતાં દેશભક્તોને આ સ્વાધીનતાનો અમૃત મહોત્સવ હોય તો પણ તે ખંડિત સ્વાધીનતાનો છે, હજી માતૃભૂમિને ફરીથી અખંડ કરવાનું મહત્વનું કાર્ય તો બાકી જ છે. એ વાત માતાનાં પ્રત્યેક સંતાન (દિકરો અને દિકરી) સુધી પહોંચાડવાની આવશ્યક્તા તો ઉભી જ છે. કારણ એ મહત્વનું કાર્ય કોઈ મુઠ્ઠીભર લોકોથી પૂર્ણ થઈ શકે તેવું કાર્ય નથી. આ ભરતભૂમિને માતા માનનારા પ્રત્યેક સંતાનની આ જવાબદારી છે. અને તેથી ગત ૨૫ વર્ષથી 'રાષ્ટ્ર સર્વ પ્રથમ'નો સંકલ્પ લઈ રાષ્ટ્ર કાર્યમાં કાર્યરત અને પુસ્તક પ્રકાશનને પણ આ રાષ્ટ્રીય વિચારના પ્રસાર અને પ્રકાશનને પણ એક ઉત્તમ સાધન માનતા 'ભારતીય વિચાર મંચે' વિભાજન વિભિષિકા અને સ્વાધીનતાની પૂર્વસંધ્યાએ આ પુસ્તક પ્રકાશનનો નિર્ણય કર્યો છે.'

ભારતમાતાની છબીથી શોભતું આ પુસ્તકનું સુંદર મુખ પૃષ્ઠ દરેક ભારતીયને આ પુસ્તક વાંચવા માટે પ્રેરણા આપે છે. તે ઉપરાંત અહીં એક ખાસ અગત્યની વાત એ જાણવા મળી છે કે, અખંડ ભારતની આ સંકલ્પના ફક્ત લેખક પુરતી

મર્યાદિત નથી. સ્વાતંત્ર્યવીર સાવરકર, પંડિત દીનદળાય ઉપાધ્યાય, મૌલાના અબ્દુલ કલામ આઝાદ, લોર્ડ વૈવેલ, ક્લિમેન્ટ એટલીજીએ સિંઘના પ્રણેતા ગુલામ મુર્તુજા સૈયદ, લોકનાયક જયપ્રકાશ નારાયણ, ડૉ. રામ મનોહર લોહિયા અને મહર્ષિ અરવિંદ અને બીજાં પણ અનેક રાષ્ટ્રપુરુષોનું પણ આપણાં ભારતને અખંડ બનાવવાનું જ સ્વપ્ન હતું. તેમણે જોયેલાં આ સ્વપ્નને આપણે સાકાર કરવાનાં પ્રયત્નો કરવાનાં છે તથા આપણી આગામી પેઢીને પણ આપણે આ જ સ્વપ્ન આપીને જવાનું છે. આપણું લક્ષ્ય ભલે દૂર રહ્યું પરંતુ આપણું આ સ્વપ્ન પણ ચોક્કસ સાકાર થશે જ તેવો વિશ્વાસ પણ રાખવાનો છે.

લેખકે આ પુસ્તકનાં પૂર્વાર્ધમાં ભારત વિભાજન કેમ થયું ? તેની પાછળ કોનો કોનો હાથ હતો ? વિભાજનનું મૂળ અને વ્યાવહારિક કારણ શું હતુ ? મુસ્લિમોનું તુષ્ટિકરણ કેમ કરવામાં આવ્યું હતું ? શું વિભાજન ટાળી શકાય તેમ હતું ? આ દરેક પ્રશ્નોના યોગ્ય જવાબો આપ્યાં છે. તથા પુસ્તકનાં ઉત્તરાર્ધમાં લેખકે અખંડ ભારત કેવી રીતે બની શકશે ? તેનાં માટેની આવશ્યક પીડા, કામના વિશ્વાસ અને સંકલ્પ ઉપરાંત યોગ્ય પ્રયત્નોની પરાકાષ્ઠા, હિન્દુઓનાં દ્દષ્ટિકોણમાં પરિવર્તન, લઘુમતી – બહુમતિનો સાચો અર્થ અને અખંડ ભારતની વ્યાવહારિક શક્યતાઓ વિગેરે દરેક મુદ્દા વિશે વિગતે છણાવટ કરીને પોતાની વાતને અર્થપૂર્ણ રીતે રજૂ કરી છે. જો કોઈ વ્યક્તિ અખંડ ભારતની સંકલ્પનામાં ન માનતો હોય તેણે તો ખાસ તે ઉપરાંત દરેક રાષ્ટ્રવાદી ભારતીયે આ પુસ્તક એક વખત ચોક્કસ વાંચવું જ જોઈએ તેવું હું આગ્રહપૂર્વક કહું છું.

રાષ્ટ્રવાદી વિચાર

ભારત વિભાજનને સ્થાપિત સત્ય (settled fact) માની લેવામાં આવ્યું છે. લોકો કહે છે કે **“ભારત વિભાજન એ ઘણું ખોટું છે, તે નહોતું જ થવું જોઈતું, પરંતુ હવે શું થઈ શકે તેમ છે ? વિભાજન તો થઈ ગયું. હવે ફરીથી ભારતને અખંડ થોડું બનાવી શકાય તેમ છે ? આજ વિચારને કારણે લોકો વિભાજન અને અખંડ ભારતની બાબતમાં વિચાર જ કરતાં નથી. એટલે સૌ પ્રથમ સમાજનાં મનમાંથી આ ‘સ્થાપિત સત્ય’ વાળી વાત કાઢવી પડશે.”**

પુસ્તક પ્રકાશક : ભારતીય વિચાર મંચ, અમદાવાદ, મૂલ્ય : રૂ. ૧૧૦

દૂરભાષ : ૦૭૯ – ૨૬૫૮૦૫૧૭ **- રિપલકુમાર પરીખ, અમદાવાદ**

**મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫**

# Balancing Extremes in a Polarised World: Lessons from Mahatma Gandhi



In today's polarised world, we often find ourselves gravitating towards extreme ends—be it in politics, opinions or lifestyles. This trend is not confined to any one region; globally, people are increasingly moving towards extremes, whether in France, the US or India. However, life is about balancing these extremes: happiness and sorrow, success and failures, rights and wrongs. We need to understand that differences of opinion do not necessarily imply dislike of a person. It's essential to take the good from everyone we meet, recognising that no one is entirely good or evil. This perspective helps us accept people with their flaws and virtues alike.

## A Balanced Perspective on Mahatma Gandhi

Our opinions on Mahatma Gandhi have also become polarised. Right-wingers have written him off, while left-wingers preach his ideas. We need a balanced approach towards him, viewing him as a human from whom we can learn valuable lessons, rather than as an infallible figure. Here are some undebatable qualities that we should take from Mahatma Gandhi:

## Patience: A Pillar of Gandhiji's Philosophy

In today's digital age, where everything is just a click away, we are conditioned to expect immediate results, leading to frustration when things take longer than anticipated. However, patience remains

crucial for personal growth.It enables us to achieve long-term goals that require sustained effort, make thoughtful decisions and build stronger relationships.

Gandhiji's exceptional patience through his nonviolent protests (e.g. 24-day Salt March)for India's independence exemplifies this virtue. His quotes, "To lose patience is to lose the battle" and "If patience is worth anything, it must endure to the end of time. And a living faith will last in the midst of the blackest storm," reflect his deep belief in patience. Despite numerous hardships, his patience and commitment to his principles ultimately led India to freedom.

### Effective Communication: Gandhi's Strength

Gen Z often struggles with clear communication due to their reliance on digital communication, use of abbreviations & emojis and shorter attention spans. Clear communication is essential for both professional & personal success, building relationships and resolving conflicts.

It is widely acknowledged that Gandhiji was an exceptional communicator.His ability to convey his thoughts and ideas effectively made his speeches powerful and resonant with the masses. He emphasized the importance of clear and honest expression, believing that truth had the potential to awaken the conscience of both oppressors and the oppressed. This skill helped people understand his vision and goals, making his movement more impactful.

સ્વ. વિદ્યાબહેન રસિકલાલ શાહ (કડી)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબેન કે. પરીખ

## Embracing Truth: Learning from Failures&Having the Courage to Confront the Past

In today's world, we often strive to present an idealized version of our lives, especially on social media. We highlight our successes while concealing our failures. However, it is crucial for both personal growth and societal progress to accept failures gracefully and learn from them.

Gandhiji's autobiography, "The Story of My Experiments with Truth," is a testament to this quality. With remarkable honesty and introspection, he candidly shared his life experiences. One notable instance was his confession of stealing gold from his brother's armlet as a teenager to clear his father's debts. Consumed by guilt, he confessed his wrongdoing to his father, seeking forgiveness. His father, moved by his son's honesty, forgave him. This incident profoundly impacted Gandhiji, instilling in him a deep commitment to truth and honesty. His willingness to subject his own life as the testing ground for his principles reveals his courage to confront and accept the truth about his past.

Balancing extremes in life is essential for personal growth and societal harmony. By learning from Gandhiji's patience, communication skills and courage to embrace the truth, we can navigate our lives more effectively. Let us strive to take the good from everyone we meet and accept them with their flaws, just as we should do with ourselves.

**- Unnati Parikh**
**M. 94081 61737**

સ્વ. શાંતાબહેન કનૈયાલાલ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબહેન કે. પરીખ

# વરસાદનું વિજ્ઞાન



૧૯૯૦ થી ૨૦૦૦ નો સમયગાળો ખાસ દૂરનો ન કહેવાય. એ સમયે ક્યાંય એકાદ ઇંચ વરસાદ પડે તો સારો ગણાતો અને બે ચાર ઈંચ પડે તો ચર્ચાનું કેન્દ્ર બની જતો. આજે સ્થિતિ એ છે કે ગુજરાતમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં એક જ દિવસમાં દસ થી વીસ ઇંચ સુધીનો વરસાદ પડવા લાગ્યો છે. પંદર દિવસે જે વરસાદ પડવો જોઈએ તે એક દિવસમાં પડી જાય છે. આપણું ચોમાસું અત્યંત તોફાની બની ગયું છે. આનું કારણ કોઈ કુદરતી ફેરફાર નથી પણ માનવસર્જિત સમસ્યાઓ 'ગ્લોબલ વોર્મિંગ' અને 'ક્લામેટ ચેન્જ' છે.

ભારતનું ચોમાસું સાઉથ એશિયન મોન્સૂન સિસ્ટમનો ભાગ છે. ઓસ્ટ્રેલિયા અને માડાગાસ્કરથી વહેતા સમુદ્રી પવનો હિમાલય તરફ આવે છે. આ પ્રવાહ ભારતમાં ચોમાસા માટે મહત્વનું પરિબળ છે. આ પરિબળોમાં હવામાન ઊંચું કે નીચું થાય તો વરસાદ વધે કે ઘટે પણ કમનસીબે હવામાન જરાક નહીં, ઘણું વધારે ઊંચુંનીચું થઈ રહ્યું છે.

૨૦૨૧માં IPCC (ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લામેટ ચેન્જ) એક રીપોર્ટમાં ભારતના ચોમાસા માટે ચેતવણી આપી હતી. એ રીપોર્ટમાં ઉલ્લેખ હતો કે ભારતે હવે Extreme એટલે કે બેકાબૂ ચોમાસાથી ટેવાવું પડશે. એકસ્ટ્રીમ એટલે એવી સ્થિતિ જેમાં ટૂંકા ગાળામાં વધુ માત્રાનો વરસાદ પડે અને પછી દિવસો સુધી ન પડે. એક દિવસમાં વધુ વરસાદ પડે એ સ્થિતિ સારી નથી. સમગ્ર ચોમાસાનો વરસાદ પંદર દિવસમાં જ પડી જાય તે સ્થિતિ સારી ન કહેવાય. ખેતી માટે થોડા સમયે વરસાદ વરસે એ સ્થિતિ સારી છે પણ છેલ્લા દોઢ દાયકાથી પરિસ્થિતિ બગડી છે. એક જ સમયે ૫ થી ૨૦ ઇંચ સુધીનો વરસાદ ખાબકે છે. તેથી જનજીવનને નુકશાન પહોંચે છે અને કરોડો રૂપિયાનું નુકશાન થાય છે.

૨૦૨૪ના મે માસમાં ત્રણ વખત ઉનાળામાં વાદળછાયું વાતાવરણ અને માવઠા વરસાદ પડવાની ઘટના બની. સૌરાષ્ટ્રમાં આંધી સાથે વરસાદ અને વીજળી પડવાની ઘટના બની. કોઈક જગાએ તો કરા પણ પડ્યા અને તે વખતે ૪૩°C તાપમાન હતું. આ માટે ગ્લોબલ વોર્મિંગ અને અન્ય પરિબળો પણ

જવાબદાર છે.

હિન્દુસ્તાનમાં કેરળમાં સૌ પ્રથમ ચોમાસું બેસે છે. ત્યાર પછી અમુક દિવસો બાદ દક્ષિણથી ઉત્તર ભારતમાં વરસાદ પડે છે. તે જ રીતે બંગાળના ઉપસાગરમાં લો પ્રેશર હોય તો તે જગાએ વાવાઝોડું આવે છે. શિયાળામાં દાલ લેક ઠરી જાય તો બીજા વર્ષે વરસાદ સારો આવે છે. તે જ રીતે બંગાળના ઉપસાગર પરથી શિયાળામાં ઉત્તર તરફ હવા શરૂ થાય તો થોડા દિવસમાં જ આખા ભારતમાં ઠંડીનું મોજું ફરી વળે છે.

ચાલીસ વર્ષ પહેલાં રાજસ્થાનમાં પાણીની તંગી હતી. વાસણ ધોવા માટે રાજસ્થાનમાં પાણી નહીં, રેતીનો ઉપયોગ થતો હતો. સમય જતાં સતલજ નદી પર બનેલા ભાખરા નાંગલ ડેમનું પાણી નહેર દ્વારા રાજસ્થાનમાં પહોંચાડવાનું શરૂ થયું. એટલે જે વિસ્તારમાં પાણી ન હતું ત્યાં ખેતી શરૂ થઈ પછી ઉદ્યોગો સ્થપાયાં. સ્વાભાવિક છે કે ઉદ્યોગો સ્થપાય એટલે પ્રદૂષણ વધે અને તેમાંથી નીકળતા કાર્બનના રજકણો વાતાવરણમાં ભળે એટલે રાજસ્થાન જે સૂકો પ્રદેશ હતો તે ભેજવાળો બન્યો. વાતાવરણમાં જે ભેજ હતો તેને ટીપા સ્વરૂપે બંધાવા માટે રજકણોની જરૂર પડે તે ઉદ્યોગો દ્વારા ઉત્પન્ન થયેલ કાર્બન પાર્ટીકલ્સે પૂરા પાડ્યા.

આમ રાજસ્થાનમાં ઉત્તરોત્તર વરસાદ વધવા માંડ્યો. આજે બાડમેર જેવા રણપ્રદેશમાં પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

નહેરોમાં અને ખેતરોમાં પાણી મળે એટલે તેની પર સૂર્યપ્રકાશ પડે તેથી પાણીનું બાષ્પીભવન થવા માડે. આ પ્રક્રિયા સતત ચાલે એટલે ચોમાસામાં વાદળ બંધાય. પ્રદૂષણરૂપી કાર્બનના રજકણ ઉપલબ્ધ હોવાથી તે વિસ્તારમાં ચોમાસું હોય કે નહીં પણ વરસાદ પડે.

ધરતીકંપ બાદ કચ્છની કાયાપલટ થઈ હતી. જે વિસ્તારમાં ખૂબ જ ઓછો વરસાદ હતો ત્યાં વિકાસના પરિણામે વધુ વરસાદ વરસે છે. ઉત્તર અમેરિકા અને યુરોપના અમુક દેશોમાં આ જ પરિસ્થિતિ સર્જાય છે. વ્યાપક પ્રમાણમાં ફેરફારોના કારણે ભૌગોલિક પરિસ્થિતિ બદલાઈ ગઈ.

આમ ભૌગોલિક ફેરફારને કારણે હવે એક ઋતુ ચાલશે નહીં. વરસાદ ગમે ત્યારે પડશે. ઠંડીની ઋતુ આ વખતે બે માસ પણ ન ચાલી. ગરમીનું પ્રમાણ વધ્યું અને સાથે માવઠું-વરસાદ પણ પડ્યા. હવે વિદેશની જેમ ભારતમાં ચોમાસું

એ એક ઋતુ નહીં રહે. ગમે ત્યારે વરસાદ પડશે. ખેડૂતોએ ખેતીની પેટર્ન બદલવી પડશે. અલનીનો મોડલ છેલ્લા કેટલાક વર્ષોથી નિષ્ફળ જાય છે તેનું આ કારણ છે.

વરસાદ કેવી રીતે આવે છે ? ધોરણ – ૭ માં આપણે ભણી ગયા છીએ. જવાબ છે – સમુદ્રના પાણીની વરાળ બને અને તે ભેજવાળી હવાને સૂરજનો તાપ ગરમ કરે. ભેજકિરણો અથડાય તેથી હવા વિસ્તરે અને તેની ઘનતા ઘટે. એટલે ઠંડી હવા કરતાં તે હવા ગેસના ફુગ્ગાની જેમ ઉપર જાય. ઉપરના વાતાવરણમાં પહોંચેલા અતિસૂક્ષ્મ વરાળના કણો હવામાં તરતાં કાર્બનના કે ધૂળના રજકણો વળગી જાય.

સંવત ૧૯૫૬માં (ઈ.સ. ૧૮૯૯)માં છપ્પનિયો દુકાળ પડ્યો ત્યારે ભારતના અર્થતંત્ર માટે કરોડરજ્જુ સમાન ચોમાસાને સમજવામાં લોર્ડ કર્ઝનને રસ પડ્યો. તેમણે બ્રિટનથી ગિલબર્ટ વોકર નામના હવામાનશાસ્ત્રીને ભારત મોકલ્યો. તેણે ભારતના ચોમાસાનો ભેદીસંકેત શોધી કાઢ્યો.

પોર્ટ ડાર્વિન ખાતે હવાનું દબાણ હળવું હોય ત્યારે નકશામાં સીધમાં આવતા સામેના છેડે રહેલા પેસિફિક સમુદ્રના તાહિતી (Tahiti) આઈલેન્ડ પર હવાનું દબાણ વધુ હોય ત્યારે ભારતમાં ચોમાસું સારું જાય છે. પણ, રીવર્સ ઈફેક્ટ આવે તો ચોમાસું નબળું જાય. જો કે ચોમાસાને ધાર્યા પ્રમાણે નિયંત્રિત કરવાના પ્રયત્નો સફળ થયા નથી. દર વર્ષે ચોમાસું આવે એટલે હવામાનખાતા માટે વિવાદની મોસમ શરૂ થાય છે. ચોમાસું માનવજાત માટે સદીઓથી પ્રાણપ્રશ્ન રહ્યો છે.

યાદ છે? ભૂગોળમાં ધોરણ–૮માં એક માર્કનો પ્રશ્ન કે ખાલી જગ્યા પૂછાતી હતી. ભારતમાં સૌથી વધુ વરસાદ ક્યાં પડે છે ? અને ચેરાપુંજી લખીને એક માર્ક મળી જતો હતો. એક સમયે ચેરાપુંજીમાં ૪૦૦ ઇંચ વરસાદ પડતો હતો. પરંતુ હાલ મેઘાલયના ચેરાપુંજીમાં જરૂરિયાત કરતાંય ઓછો વરસાદ પડે છે. ભૌગોલિક પરિસ્થિતિ જ બદલાઈ ગઈ છે. એક સમયે ૧૬ જૂન, ૧૯૯૫ને દિવસે ચેરાપુંજીમાં એક જ દિવસમાં ૬૧.૫૩ ઇંચ વરસાદ ખાબક્યો હતો, જો કે હાલ હિન્દુસ્તાનમાં સૌથી વધુ વરસાદ ચેરાપુંજી નજીક મેઘાલયમાં મોસીનરામ (Mawsynram) માં પડે છે.

ભૂલી ગયા ન હો તો – જુલાઈ ૨૦૦૫માં મુંબઈમાં એક દિવસમાં ૩૭ ઇંચ વરસાદ ત્રાટક્યો હતો. અમદાવાદમાં દેવપોઢી એકાદશી જુલાઈ ૧૦, ૨૦૨૨માં ૧૮

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

ઈંચ ખાબક્યો હતો. એક જ દિવસમાં સીઝનનો ૫૦ ટકાથી વધુ વરસાદ પડી ગયો હતો અને વ્યાપક નુકશાન થયું હતું. ગયા વર્ષે વિશાવદરમાં ૩૦ જૂન, ૨૦૨૩ના રોજ એક દિવસમાં ૨૨ ઈંચ વરસાદ ખાબક્યો હતો. હાલ જુલાઈ ૧૪, ૨૦૨૪ના રોજ સુરતના ઉમરપાડામાં માત્ર ચાર કલાકમાં ૧૪ ઈંચ વરસાદ અને જુલાઈ ૧૯, ૨૦૨૪ના રોજ દ્વારકામાં ૨૧ ઈંચ વરસાદ ખાબક્યો. એક્સ્ટ્રીમ વેધરનું ઉદાહરણ છે.

સમાચાર પત્રોમાં કેવા કેવા ટાઈટલ આવે છે ? 'મેઘરાજા રીઝ્યા', 'વર્ષારાણી ખમૈયા કરો'. 'સાંબેલાધાર મેહુલિયો ત્રાટક્યો'. 'આભ ફાટ્યું', 'તરસી ધરતીને તૃપ્ત કરતા અમી છાંટણાં', 'બારે મેઘ ખાંગા થયા' આવા શબ્દપ્રયોગો સહજ છે.

ભારતીય ચોમાસાનો અભ્યાસનો એક અહેવાલ વિજ્ઞાન જર્નલ 'નેચર'માં પ્રગટ થયો. હિન્દુસ્તાનમાં ચોમાસામાં ૧૯૭૦ પછી જે વેગ આવ્યો છે તે પહેલા ક્યારેય ન હોતો આવ્યો. છેલ્લા પચાસ વર્ષમાં પૂરની ત્રણસો જેટલી ઘટના નોંધાઈ છે. ઇન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેક્નોલોજી, મદ્રાસના અભ્યાસ મુજબ દર વર્ષે ચોમાસામાં વધુ પડતા વરસાદને કારણે અંદાજે ત્રણ અબજ ડોલરનું નુક્શાન થાય છે અને આ આંકડાને વર્લ્ડ બેન્કે સમર્થન આપ્યું છે.

જો કે વરસાદ કવિઓને ખૂબ વહાલો હોય છે. વરસાદ એક અદ્ભુત અને આહલાદક પ્રાકૃતિક અનુભૂતિ છે. બોલિવુડની દસમાંથી છ ફિલ્મોમાં વરસાદ પડતો હોય અને તેમાં નાયક-નાયિકા ભીંજાતા હોય એવા દૃશ્યો અચૂક જોવા મળે છે. વરસાદની મોસમમાં ચા અને દાળવડાની જુગલબંધીની લિજ્જત ન માણી હોય તેનો જન્મારો આખો અસફળ રહ્યો હોય તેમ લાગે.

એક રસપ્રદ વાત-વિજ્ઞાન એમ કહે છે કે પૃથ્વી પર પાણી જેટલું છે, તેટલું જ રહે છે. એક ટીપું પાણી ઘટતું નથી કે વધતું નથી. એક જગાએ ખૂબ વરસાદ હોય તો અન્ય જગાએ વરસાદનું ટીપું પણ ન હોય. વરસાદનું પાણી સરભર થઈ રહે છે. પૃથ્વી પર સદીઓથી ૩/૪ ભાગ પાણી જ છે. તેમાં ક્યારેય વધારો કે ઘટાડો થતો નથી.

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# સુખને એક અવસર તો આપો



ફીલ બોસ્મન્સે એક પુસ્તક લખ્યું છે તેનું નામ "Give happiness a chance" એવું છે. તે પુસ્તક લખ્યું તે પહેલાં ફીલ બોસ્મન્સ વ્યક્તિગત રીતે સુખની પ્રાપ્તિ અંગે વાતો કરતા રહેતા. પરંતુ બધાનો આગ્રહ થયો કે પુસ્તકરૂપે તમારા વિચારો વ્યક્ત કરો તો લાખો લોકોને તેનો લાભ મળે. ફીલ બોસ્મન્સ બેલ્જીયમમાં રહે. તેમણે ઉપર જણાવ્યું તેમ "Give happiness a chance" એ નામથી નાનકડું પુસ્તક લખ્યું. તે ખૂબ વખણાયું. પછી જર્મન, ઈટાલીયન, ફ્રેન્ચ, જાપાનીઝ, નોર્વેજિનચ, સ્પેનીશ એમ ઘણી ભાષાઓમાં એના અનુવાદ પ્રકાશિત થયાં. ભારતમાં સને ૧૯૯૩ની સાલમાં મુબઈમાં શ્રી રમેશ પુરોહીતે અનુવાદ રજુ કર્યું. તેનું નામ રાખ્યું "સુખને એક અવસર તો આપો". છેલ્લા ૨૫ વર્ષમાં તે પુસ્તક મને મનગમતા પુસ્તકો સાથે મારી અંગત લાઈબ્રેરીમાં સ્થાન ધરાવે છે. હું અવારનવાર તે વાંચું છું. "વાયડામિત્ર"ના વાંચકોને તેનો રસાસ્વાદ કરાવવા તેનાં થોડાં અવતરણો આ નાનાં લેખમાં રજુ કરું છું.

**અય દોસ્ત**

અય દોસ્ત !
સુખી થવા માટે તારા સમયનો સદ્દુપયોગ કર
તું પોતે જ જીવતો જાગતો ચમત્કાર છે,
તારા સમોવડિયું કાંઈ નથી.
તું અનન્ય છે, તારું સ્થાન કોઈ લઈ શકે તેમ નથી.
આ વાતને તે કદીય જાણી છે ખરી ?
તને ગાવા અને નર્તન કરવા
અને સુખી થવા માટે સમય અપાયો છે.
એનો તને ક્યારેય વિચાર આવે છે ખરો
અત્યંત શાંતિથી તું તારા સમયનો સદુઉપયોગ કર
અને સુખી થા.

## તો હું સુખી નહી થઈ શકું

જો મારા આવેશ પર મારો અંકુશ નહીં હોય
તો હું ક્યારેય સુખી નહીં થઈ શકું.
મારી ગાડી પર એકાદ ઘસરકો થવાને કારણે
કે ઘરમાં થોડી ચડભડને કારણે,
કે કામમાં આવતી થોડી મુશ્કેલીને કારણે
કે ધાર્યા પ્રમાણે પરિણામ ન આવ્યું હોય ત્યારે
જો મારો આખો દિવસ બગડતો હોય તો
હું કદી સુખી નહી થઈ શકું.
જો હું મારી લાગણીઓનો શિકાર
કે મારી ઇચ્છાઓનો ગુલામ હોઉં
અને વધુ પડતી અપેક્ષાઓનો બંદી હોઉં
તો હું ક્યારેય સુખી નહીં થઈ શકું.

## ખુલ્લા આકાશ નીચે

હકિકતમાં આ પૃથ્વી પર મારા માટે બહુ લાંબો સમય નથી.
મારી જિંદગી રેતી પર લખાયેલા નામ જેવી છે.
એક નાની સરખી હવાની લહેરથી એ ભૂંસાઈ જશે.
દિવસોને રળિયામણાં બનાવો.
અજવાળાને, અસ્તિત્વને, સારા માણસો અને
સારી વસ્તુઓને જોઈ રાજી થાઓ.
આખરી શ્વાસ ભરી રહ્યા છે તેવા વૃદ્ધ માણસોને
મૈત્રી અને હુંફ આપો.
જે બીમાર છે, અપંગ છે, તરછોડાયેલા છે, નિર્ભાન્ત છે,
છેતરાયેલા છે – તેમને તમારી હુંફ આપો. સહારો આપો.
તમારી જાતને સુખી કરવા આથી વધારે કરવાની
જરૂર નથી.
મનને આકાશની જેમ ખુલ્લું મુકી દો,

અને એ રીતે ક્ષણોને સરકવા દો.

**મને ગમે છે**

મારી આસપાસના લોકો મને ગમે છે.
મને ગમે છે આનંદ અને આ રીતે આનંદ બેવડાય છે.
મને મૈત્રી ગમે છે અને આ રીતે મૈત્રી વરદાન થઈ જાય છે,
અને મારા દિવસો થઈ જાય છે હાસ્યથી હર્યાભર્યા.

**સુખી થવાનો માર્ગ**

તમારા અંતરમાં ડોકિયું કરો.
તમારા ભીતરને ઝળહળતાં કરો.
તમારા હૈયાના હારને સજાવો.
ત્યાં જ તમારી લાગણી અને લગાવ પલાંઠી વાળી બેઠા
જો આ વાતને નહીં સમજો તો મથામણ ઉભી થશે.
અને સમજશો તો સુખ નામનો પ્રદેશ પ્રાપ્ત થશે.

**વૃદ્ધ થવું એ કલા છે**

વૃદ્ધ કઈ રીતે થવું એ પણ માણસે શીખવું જોઈએ.
વધતી જતી વય એ અણધારી આફત નથી.
જરૂર નથી કે ઘડપણ એટલે વ્યથા અને વલોપાત
વૃદ્ધ ભલે થાઓ પણ જુવાન હ્દય સાથે
આ પોતે જ એક સ્વયંભૂ કલા છે.

**સંતોષ**

ઈશ્વર ! મારી પાસે પૂરતુ છે
અમૂલ્ય રત્ન જેવી બે આંખો
આનંદની બંસરી બજાવી શકાય તેવું મુખ છે.
પૈસાથી ખરીદી ન શકાય
તેવી તંદુરસ્તી છે.
હે ઈશ્વર ! મારી પાસે પૂરતું છે.
આકાશમાં સૂર્ય છે.
માથા પર છાપરું છે.
મારા હાથને કામ મળી રહે છે.
ખાવા પીવાની ખેંચ નથી.

અમર નૈમિષકુમાર પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

અને પ્રેમ કરી શકું તેવા માણસો છે.
હે ઈશ્વર ! મારી પાસે પૂરતુ છે.

સુરેશ દલાલે આ પુસ્તક વિશે લખ્યું છે : મને શ્રદ્ધા છે કે આ પુસ્તક ધુધવતા સમુદ્ર વચ્ચે સુખનો દ્વીપ રચી આપશે. પુસ્તકના થોડા અંશો વાંચવાથી પણ આપણને સુખને અવસર આપવાનું જરૂર મન થશે તેવી આશા રાખું.

**- શરદભાઈ પી. શાહ, મહેસાણા**
**પૂર્વ તંત્રી તથા ટ્રસ્ટી, વાયડામિત્ર મો. ૯૪૨૯૭ ૩૬૭૬૫**

## સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ

ભાદરવા સુદ ૬ તા. ૯-૯-૨૦૨૪ના રોજ શ્રી વાયુદેવતાજી મંદિર ખાતે યોજાનાર હવન તથા ધજાજીના યજમાનનો લાભ લેવા માટેની ઉછામણી તા. ૨૫-૮-૨૦૨૪ને રવિવારે સવારે ૧૧-૩૦ વાગ્યે શ્રી વાયુદેવતાજી મંદિર, નારાયણ નગર, અમદાવાદ ખાતે રાખેલ છે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનને આમંત્રણ છે.

**- શ્રી મેહુલ સુધીરભાઈ શાહ, પ્રમુખ**
**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા, વાયડ**
**ભાદરવા સુદ - ૬ હવન**

આ વર્ષે ભાદરવા સુદ - ૬ નો હવન તા. ૯-૯-૨૦૨૪ ને સોમવારના રોજ થશે. શ્રીફળ સાંજે ૪.૩૦ કલાકે હોમાશે. જે જ્ઞાતિબંધુ વાયડ મુકામે દર્શન કરવા અને પ્રસાદ લેવા આવવાના હોય તેમને મો. નંબર મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩ ઉપર શ્રી અજયભાઈને જાણ કરવા વિનંતી છે જેથી સુચારુ આયોજન થઈ શકે.

આ વર્ષે શ્રી નિશીથભાઈ અરવિંદભાઈ પરીખ હવન માં બેસવાનો લાભ લેવાના છે.

**શશાંકભાઈ આઈ. શાહ, પ્રમુખ        અજયભાઈ એ. પરીખ, મંત્રી**

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

## ઈન્સ્ટન્ટ નિર્વાણ ૨ : ગટર વિમોચન થકી



જૂન-૨૦૨૪ના અંકથી આગળ.....

ઇન્સ્ટન્ટ નિર્વાણ પામવાનાં પ્રથમ પ્રયાસમાં હું નિષ્ફળ રહી. પરંતુ ચિત્રગુપ્ત સાહેબે એક બીજો વિકલ્પ સામે ધર્યો. "જો મુમુક્ષુ બે સપ્તાહ માટે ગટર-વિમોચનનું કામ કરે, એટલે કે કચરા અને પ્લાસ્ટિકની કોથળીઓથી જામ થઈ ગએલી મ્યુનિસિપાલિટીની ગટરોમાં ઊતરીને, તેને કચરાથી મુક્ત કરીને પાછી વહેતી કરવાનું કામ કરે તો માથે ચઢેલું સામાજિક ઋણ ઊતરે અને ફરી નિર્વાણની સંભાવના ઉપજે."

મને ઓફર સાંભળીને નવાઈ લાગી. વાત તો એમની સાચી હતી. મેં શહેરીજીવન અપનાવી તો લીધું. ચોવીસ કલાક પાણી, વીજળી, ફ્લશવાળા સંડાસ વગેરે સગવડો ભોગવી તો લીધી. પણ મારા ઘર સાથે જોડાયેલી ગટર નિર્વિઘ્ન વહેતી રહે તે તકેદારી રાખવા માટે અમુક લોકો કાર્યરત છે, તે બાબતે મેં ક્યારેય ધ્યાન ન હતું આપ્યું. એમ કહોને કે, એ બાબત મેં ખૂબ સિફતપૂર્વક નજર-અંદાજ કરી દીધી હતી! ચિત્રગુપ્તના ચોપડા પ્રમાણે, અત્યાર સુધી હું જે કાંઈ પામી હતી તે બધા પાછળ મારા ઘરની ગટર ખળખળ વહેતી રાખનારનું યોગદાન ઓછું ન અંકાય. આવા ગટર-વિમોચકોનું ઋણ ચૂકતે કર્યા સિવાય મોક્ષ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?

આપણા સંડાસમાં ફ્લશ ન ચાલે કે પાણી ન આવે તો ઊંચા-નીચા ભલે થઈ જઈએ, પણ એક વાર એ કચરો આપણા ઘરમાંથી નીકળ્યો પછી તેની પાછળની પળોજણમાં આપણને રસ નથી. હકીકત એ છે કે, જેવી આ ગટર આગળ જઈને ભરાઈ જાય કે તરત ગંદા પાણીનાં નિકાલનું આખું તંત્ર ખોરવાઈ જાય. રોજ પરોઢિયે, ગટરોનો વપરાશ જ્યારે મહત્તમ હોય ત્યારે ગટર ચોક-અપ ન થઈ જાય તેની તકેદારી રાખવા નગરપાલિકા તેને સંલગ્ન કોન્ટ્રાક્ટર થકી જીવતાં-જાગતાં મનુષ્યને એ ગંદકીમાં ઊતારીને ચોક-અપ થઈ ગયેલી ગટર સાફ કરાવે છે. ત્યારે જ તો આપણા સૌની સવાર ચાનાં કપ અને છાપામાં આવતા સુડોકુના સથવારે આટલી મંગલમયી બની રહે છે.

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

ચિત્રગુપ્ત સાહેબની શરત પ્રમાણે મારે બે અઠવાડિયા માટે સ્થાનિક મ્યુનિસિપાલિટી સાથે સંલગ્ન કોન્ટ્રાક્ટર સાથે કામ કરવાનું હતું. તે કોન્ટ્રાક્ટર મારા જેવા બીજા ચારેક જણને લઈ મળસ્કે નીકળી પડે. લગભગ વીસેક ગટરનાં મેન–હૉલના ઢાંકણા ખોલીને અંદર ઉતરવાનું, મળ–મૂત્રથી ખદબદતી ગટરમાં ડૂબકી મારવાની અને થોડેક આગળ પહોંચી જ્યાં લાઈન ચોક–અપ થઈ ગઈ હોય ત્યાં હાથથી ખેંચીને કે પાવડાની મદદથી બધી ગંદકી ઉલેચીને ગટરનું પાણી આગળ વહેતુ થાય તેની વ્યવસ્થા કરવાની.

ક્યાં ચમ્પલ પર થોડું છાણ લાગી જાય તોય અકળાઈ જઈએ એવી આપણી શહેરી સભ્યતા અને ક્યાં ચિત્રગુપ્ત સાહેબની આવી શરત? ખેર, આ સામાજિક ઋણ ચૂકતે કર્યા સિવાય છૂટકો ન હતો. 'ઇન્સ્ટન્ટ નિર્વાણ' માટેની આ બીજી અને છેલ્લી તક હતી. હું થોડી સજ્જ થઈને મળસ્કે નિયત કરેલા મેન–હૉલના ઢાંકણા પાસે પહોંચી ગઈ. સાંભળ્યું છે કે, ગટરમાં ઉતરતા પહેલા મધ્યપાનનો શીરસ્તો છે. પહેલી વારનાં (નિર્વાણનાં) પ્રયત્નમાં જે ટેવ પાડેલી તે કામ લાગી. ઘરેથી નીકળતી વખતે વોડકા–સેવન થકી મગજ જરા હળવું કરીને નીકળી ત્યાં બીજા સાથી મિત્રો મંગલો, પવલો અને રઘલો પણ મળી ગયા. તેઓ પણ યથાશક્તિ પૂર્વતૈયારી સાથે આવેલા. વોડકા નહીં તો પોટલી ! કામ શરૂ કરતા પહેલાં મગજ બહેર મારી જાય તે સુનિશ્ચિત કરવું જરૂરી હતું.

મારું આજે પહેલી વારનું હતું એટલે મારે માત્ર તેમને ગટરમાં ઉતરતા જોવાનાં હતા. મારે જાતે અંદર ઉતરવાનું ન હતું. પહેલા મેન–હૉલમાં પવલા અને રઘલાએ ઉતરવાનું નક્કી કર્યું. બાકીના કપડાં કાઢીને બાજુ પર મૂકીને તે બન્ને પોતડીભેર ઉતરવા તૈયાર થયા અને ગટરનું ઢાંકણું ખોલીને થોડી વાર વાટ જોતાં ઉભા રહ્યા. થોડી વારમાં એ ઢાંકણું બંધ કરીને જાહેરાત કરી કે, 'બીજા મેન–હૉલ પાસે જઈએ. આજે આમાં નથી ઉતરવું." મને સમજાયું નહીં એટલે મંગલાએ સમજ પાડી કે, એ ગટરનું ઢાંકણું ખોલીને અંદર જોયું પણ વંદા, મચ્છર, કીડા વગેરે કોઈ જીવજન્તુ તેમાં ખદબદતા હોય તેવો અણસાર ન આવ્યો. મતલબ કે, તેમાં કદાચ ઝેરી ગૅસ વ્યાપેલો હશે. તેવામાં ઉતરીએ તો જીવનું જોખમ કહેવાય. તેથી તે ગટર પડતી મૂકી. છ મહિના પહેલા આવી રીતે ઉતરવાની ભૂલ કરેલી તેમાં રઘલાના કાકાનો દીકરો ઝેરી ગૅસની અસર હેઠળ મરી ગએલો. તેની વિધવા અને બે બાળકોનું પાલન પોષણ હવે રઘલાને માથે જ છે. "જુવાનિયા

ક્યારેક ઉતાવળા થાય છે અને આમ જીવ ગુમાવી બેસે છે", એમ ખરખરો કરીને મંગલો આગળ વધ્યો.

બીજા મેન-હોલનું ઢાંકણું ખોલતાંની સાથે ઘણા કીડા ખદબદતા પાણીની સપાટી પર આવ્યા. આમાં હવે ઉતરવાનો વાંધો નથી. એમ નક્કી કરીને પવલા અને રઘલાએ દુર્ગંધ મારતી ગટરમાં અંદર ઝંપલાવ્યું. મંગલો સતત હાકોટા મારીને પોતાના ગટરમાં ઉતરેલા સાથીઓ સાથે સંવાદ સાધી રાખતો તેમની ઉલેચેલી ગંદકીનો ઢગલો મેન-હૉલની પાસે ખડકતો, બહારથી તેમને માટે અંદર ટોર્ચ ધરીને અજવાળું કરી આપતો, તેમના ગંદકીથી ખરડાયેલા શરીરની પરવાહ કર્યા વગર તેમને ખેંચીને ગટરમાંથી બહાર નીકળવામાં મદદ કરતો.

તેઓ બહાર આવે કે તરત થોડા હાંફતા હોય તેમ એક બાજુ અવાચક થઈને બેસી જતા. શરીર પર ચોંટી જતી એ ગંદકીનો અકળાવી નાખે તેવો અહેસાસ, એ માથું ફાડી નાખે તેવી દુર્ગંધ, તે બિહામણું અંધારું, શરીર પર રેંગતા એ કીટકોનો અહેસાસ, નારકીય અનુભવમાંથી કળ વળે એટલે આગળ જવાનું અને એક પછી બીજો મેન-હૉલ સમારવા ઉતરી પડવાનું ..... એક ડૂબકી પછી બીજી ડૂબકી... ઉતાવળ કરવી પડે. જો ધીરા પડ્યા અને લોકોનો ઉઠવાનો સમય થઈ જાય અને સૌનું પ્રાતઃકર્મ શરૂ થઈ જાય અને પછી તો મળ-મૂત્રનો એવો દરિયો વછૂટે કે કામ કરવું અસંભવ થઈ જાય. સવારનાં ચાર વાગ્યાથી શરૂ કરે તો છ વાગ્યા સુધીમાં પંદરેક મેન-હૉલમાં ઉતરીને ગંદકી ઉલેચે તો જ કોન્ટ્રાક્ટર પૂરું મહેનતાણું આપે. નહિતર પાછી બબાલ.

એવામાં એક મેન-હૉલમાં મંગલો જેવો ઉતર્યો કે તરત જ ચીસો પાડતો બહાર આવી ગયો. તેની ચામડી લાલ થઈને તતડી ગઈ હતી. તેને આખા શરીરે સખત બળતરા થતી હતી. કદાચ કોઈએ ગટરમાં કોઈ કેમિકલ વહાવી દીધું હશે. તે જલદ પ્રવાહીની અસર નીચે મંગલાની ચામડી તતડી ગઈ હતી. નજીકમાં આવેલા મ્યુનિસાલિટીનાં નળ નીચે મંગલો નાહવા બેસી ગયો. જે થોડી શરીર પર ઠંડક થાય અને રાહત મળે. કોન્ટ્રાક્ટર રોજ ન્હાવા માટે એક સાબુની ગોટી આપે. ત્રણે મિત્રો ક્યાંય સુધી એ ગોટી ઘસીને તે નળ નીચે ન્હાતા રહ્યા. શરીર ચોખ્ખું થઈ ગયું હોય તો પણ, જે જગ્યાએ મેલું ચોટ્યું હોય તે જગ્યા ફરી ફરીને સાફ કરવાની ઇચ્છા થયા કરે. મેલું ભલે પાણીમાં ધોવાઈ ગયું હોય, પણ મેલું ચોંટ્યાનો અહેસાસ ક્યાંય સુધી પીછો ન છોડે. એ વિચારે વારે વારે

ઉબકા આવે. સવારના પહોરમાં આટલી મહેનત કરી હતી પણ ક્યાંય સુધી કશું ખાવાની ઇચ્છા જ ન થાય. પહેલા દારૂથી શૂન્ય થઈ ગયેલું મગજ અને પછી ગંદકીનાં સરોવરમાં મારેલી ડૂબકીથી બહેર મારી ગયેલું મગજ. વાસ્તવિક દુનિયા સાથે અનુસંધાન જ ન સાધી શકે. આ મિત્રો થોડા બહાવરા બનીને જીવતા હોય તેમ જ લાગ્યા કરે.

હું બીજા દિવસ માટે મારી જાતને તૈયાર કરવા માંડી. મેં નક્કી કર્યું કે શરીર પૂરું ઢંકાઈ જાય તેવો ડાઇવિંગ કરતી વખતે પહેરાય તેવો સૂટ પહેરવો. અને ઓક્સિજનના પૂરવઠા સાથેની હેલ્મેટ માસ્ક હોય તો જ ગટરમાં ઉતરવાનું જોખલ લેવું. મેં જ્યારે કોન્ટ્રાક્ટર સામે આ માંગણી મૂકી કે એણે ખુબ તોછડાઈથી કહ્યું, "ચંદ્ર પર નથી જવાનું, ગટરમાં ઉતરવાનું છે. તમારા જેવા આવીને પોતે તો કંઈ ન કરે, ઉલટાનું જે લોકો આ કામ વર્ષોથી કરતા આવ્યા છે તેમનું પણ મગજ બગાડતા જાય." મારા તરફ કરડી દૃષ્ટિ નાખીને, મોંમાનો મસાલો રસ્તા પર થૂંકીને એ જાણે નગરપાલિકાની સ્ટૅન્ડિંગ કમિટીનો ચૅરમેન હોય તેવી અદાથી ત્યાંથી ચાલી નીકળ્યો.

મને થયું કે આ મંગલો, પવલો અને રઘલો ક્યારેય આવી ઑક્સિજન માસ્કની કે ડાઇવિંગ સૂટની માંગણી કેમ નથી મૂકતા. નગરપાલિકા ન આપે તો કઈ નહીં. આ શહેરનો શ્રેષ્ઠી વર્ગ બહુ મોટો છે. દેશમાં દાનવીરોની કોઈ કમી નથી. એક આવા સૂટ-માસ્કની કિંમત 50 હજાર રૂપિયા થાય. શું CSR ના ભાગરૂપે આવા પાંચ-પંદર સૂટ માસ્કની જોગવાઈ કોઈ કોર્પોરેટ કંપની ન કરી આપે ? વિદેશોમાં તો આવા (માનવીય અધિકારો નંદવાય એવા) કામો માટે યંત્રોનો જ ઉપયોગ થાય છે. જીવતા-જાગતા માનવીઓનો નહીં. શું આ દેશમાં કોઈ સેવાભાવી સંસ્થા કે શ્રેષ્ઠી 4-5 લાખ રૂપિયામાં આવતાં આવા યંત્રોની જોગવાઈ ન કરી શકે ? જો મોઢેથી આરોગાતાં અન્ન માટે આટલા સદાવ્રત ચાલતા હોય તો સામે છેડેથી થતા ઉત્સર્ગના વ્યવસ્થિત નિકાલ માટે દાન કરવાથી પુણ્ય ન કમાવાય ?

આપણી સોનેરી સવારમાં ગટર ઉભરાવાનું વિઘ્ન ન આવે તે માટે થઈને આ દેશમાં દર વર્ષે લગભગ 1200 ગટર-વિમોચકો ગટરમાં ઉતરીને ઝેરી ગેસ થકી પોતાનો જીવ ગુમાવે છે. શું આ મૃત્યુ થકી આપણા બધાં માટે કર્મનુ બંધન ઊભું નથી થતું ? ચિત્રગુપ્ત સાહેબની 'ઇન્સ્ટન્ટ નિર્વાણ' માટેની આ શરત

આવા મૃતકોના ઋણમાંથી મુક્તિની વ્યવસ્થા જ હતી ને ?

આપણે એમ ભલે ગમે તેવા સ્વચ્છતાનાં આગ્રહી હોઈએ, આ ગટર–વિમોચકોનું ગટરમાં ઝેરી ગેસથી ગૂંગળાઈને થતું મૃત્યું આપણને હચમચાવતું નથી. સ્વચ્છતા બાબતે જાગૃતિ ફેલાવવા ભલે મહાનુભાવો હાથમાં ઝાડુ પકડીને ફોટા પડાવે. પણ સ્વચ્છતાનું અંતિમ સોપાન એટલે કે ગટર–વિમોચન બાબતે તેઓ સૌ સંપૂર્ણ મૌન પાળે છે. તે બાબતે જાગૃતિ ફેલાવવા શું કરવું ? બારમાની બોર્ડમાં ગુજરાતીના પેપરમાં 'એક ગટર–વિમોચકની આત્મકથા' નિયમિતપણે પૂછવાથી ફેર પડશે ?

વીસ વર્ષ સુધી સળંગ આવું કામ કરીને અકાળે વૃદ્ધ થયેલા 45 વર્ષનાં ડોસાને મેં પૂછ્યું કે, આવું હીણપતભર્યું અને ત્રાસદાયક કામ શું કામ વર્ષોનાં વર્ષ વેંઢાર્યું ? તો જવાબ મળ્યો કે, "બીજું કોઈ કામ આટલી નિયમિતતાથી ક્યારેય ન મળ્યું ! રોજ સવારે ગટર ઉભરાવાની શક્યતા તો રહે જ, એટલે અમારી જરૂર તો પડે જ અને આમ અમારા કાયમી ગુજરાનની વ્યવસ્થા થઈ જાય. વળી એક પ્રલોભન પણ છે. ગટરમાં ડૂબકી મારીએ તો ક્યારેક ગટરમાં ભૂલથી વહી ગએલું ઘરેણું પણ હાથ લાગી જાય." મને પવલાની આંગળી પર ચમકતી સાચા માણેકની વીંટી યાદ આવી રઘલાએ પણ ચાર આંગળીમાં સોના–ચાંદીની વીંટીઓ પહેરી રાખી હતી. મંગલાનાં ગળામાં ઝીણો સોનાનો અછોડો લટકતો હતો. નક્કી ગટરરાણીએ (તેમના કામને બિરદાવવા) તેમને ધરેલી ભેટ હશે. પણ ત્યાં તો ડોસાએ ખરેખરો કરતાં વાત આગળ વધારી, "બહેન, મેં તો આવા કેટલાક દાગીના ભેગા કરીને દહેજ એકઠું કર્યું અને મારી દીકરીને સારે ઘરે પરણાવી. જમાઈની નોકરી સરકારી છે. પણ આજનાં જુવાનિયા તો અક્કલમઠા છે. જુઓને મારો દીકરો, રઘલો, કાલે જ પોતાની વીંટીઓ વેચીને સ્માર્ટફોન લઈ આવ્યો...."


તા.ક. : લાગતાં–વળગતાં સૌને જણાવવાનું કે, ચિત્રગુપ્ત સાહેબની આ બીજી શરત પણ મારા ગજા બહારની નીકળી. 'ઇન્સ્ટન્ટ નિર્વાણની આસક્તિએ મને પાછી સંસારમાં ધકેલી દીધી છે. લખ–ચૌર્યાસીનેં ફેરા યથાવત ચાલુ છે.. વારે–તહેવારે, જન્મે–અજન્મે મળતા રહીશું...

**- સોરમ ભક્તિબેન–રશ્મિકાન્ત પરીખ કોટીયા,**

**વડોદરા,**

**મો. ૯૪૨૬૮ ૦૬૧૫૨**

# દત્તક



વિજયભાઈ અને મૈત્રી બંને પિતા-પુત્રી છે. મૈત્રીના લગ્ન થઈ ગયા હતા પણ તેનો પતિ સમીર, તેના સાસુ, સસરા અને લાડકવાયો પુત્ર વિહાંગ એક એક્સિડેન્ટમાં મૃત્યુ પામ્યા.

વિજયભાઈ રિટાયર્ડ થઈ ગયા છે અને એક NGO માં સેવા આપે છે. મૈત્રી હવે તેની ઘરે પાછી આવી ગઈ છે અને જોબ કરે છે.

**દૃષ્ય : ૧**

મૈત્રી : (ઊંઘમાંથી ઉઠી ઘર સાફ કરી રહી છે. ટિફિન તૈયાર કરી દીધું છે.) મનમાં – આજે તો ઘણી કમાણીનો દિવસ છે.
"પપ્પા, ઓહ Mr વિજય ચાલો ઉઠો, આજે તમારો ૨૦૦ રૂપિયાનો loss થયો છે.

વિજયભાઈ : ઊંઘમાંથી ઉઠીને – ઓહ Shit, આજે તો ૮ વાગી ગયા ખબર જ ના પડી.

મૈત્રી : હાજી ચાલો નાખો ૨૦૦ રૂપિયા ગલ્લામાં અને બીજા ૫૦૦ મને આપો.

વિજયભાઈ : કેમ તને ?

મૈત્રી : કેમકે તમારા ભાગનું બધું કામ આજે મેં કરી દીધું છે. સાફ સફાઈથી લઈને તમારું ટિફિન પણ ready કરી દીધું છે. આમ તો આજે તમારો વારો હતો.

વિજયભાઈ : અરે પણ તારે મને ઉઠાડવો જોઈએ ને ? સવાર સવારમાં નુકશાની થઈ ગઈ. લે આ ૫૦૦ રૂપિયા અને આ ૨૦૦ રૂપિયા એ ગલ્લામાં પછી મનમાં બોલે છે – હવે તો ગલ્લો પણ ઈલેક્ટ્રોનિક – આ technology તો ક્યાં જઈને અટકશે ?" (ઉભા થઈને ટિફિન જોવા જાય છે.) અરે વાહ, આજે તો ભીંડાનું શાક, મગ, કઢી, રોટલી – બધું જ મારું favourite છે. શું વાત છે ?

મૈત્રી : એ તો પ્રેમ છે, પ્રેમ છે (ગીત ગાય છે) (બંને જણા હસી પડે છે.) ચાલો તો હવે તમે જલ્દીથી તૈયાર થઈ જાવ, તમારે આદર્શ જવાનું છે. મોડુ થશે.

વિજયભાઈ : સારું ચાલ તું નીકળ, હું પણ થોડીવારમાં નીકળું છું.
(પપ્પાના આશીર્વાદ લઈને મૈત્રી નીકળે છે.) – તારુ અને તારા પપ્પાનું ભલું થાય.
હું કેટલો નસીબદાર છું કે મને આવી દીકરી મળી. પણ, જે દીકરીનું પોતાનું જ નસીબ ફૂટી ગયું હોય, આટલી નાની ઉંમરમાં જેનું હર્યું ભર્યું કુટુંબ એક એક્સિડન્ટ ને કારણે વેરવિખેર થઈ ગયું હોય તેના પિતા નસીબદાર ક્યાં કહેવાય.

**દૃષ્ય : ૨**

મનનભાઈ અને હેતાબેન મધ્યમ કુટુંબના છે, તેમનો પુત્ર પણ એક એક્સિડેન્ટ માં મૃત્યુ પામ્યો છે. બંનેની ઉંમર ૬૫ થી ૭૦ ની આસપાસ હશે. આર્થિક રીતે સદ્ધર ના હોવાથી, તેમનું ઘર વેચી ઘરડા ઘરમાં જવાનો પ્લાન કરે છે.

(હેતાબેન અને મનનભાઈ ચિંતામાં બેઠા છે.)

મનનભાઈ: જુઓ. આપણે ચિંતા કરવાથી કંઈ થશે નહી, કુદરતનો ન્યાય આપણે સ્વીકારવો જ રહયો.

હેતાબેન : પણ, આટલું બધું દુ:ખ આપણને જ કેમ ? જુવાન જોધ છોકરાને ભગવાન આવી રીતે આપણી વચ્ચેથી ઉપાડી લે એ તો અન્યાય જ કહેવાય ને ?

મનનભાઈ : આપણે આપણા કર્મો ભોગવવાના હશે તો ભોગવવા જ પડશે. પણ મને ચોક્કસ આશા છે કે ભગવાન કૈંક તો રસ્તો બતાવશે જ.

હેતાબેન : પણ આપણી આર્થિક સ્થિતિ પણ એટલી સારી નથી કે આપણે પુરી જિંદગી આ રીતે વિતાવી શકીએ આ તો આપણે બે જણા છીએ, કાલે એકલા પડીશું તો શું કરીશું ? તમે શરદભાઈ જોડે વાત કરી? ના કરી હોય તો એક વાર જણાવી દો.

મનનભાઈ : હા મેં કાલે જ વાત કરી હતી. તેમણે કહ્યું કે જીવનસંધ્યામાં તો

જગ્યા નથી. કદાચ ૫-૬ દિવસ પછી શક્ય બને. આપણે એમના મિત્ર વિજયભાઈને ત્યાં થોડા દિવસ રોકાઈ શકીએ. એ કહેતા હતા કે વિજયભાઈ અને એમની દીકરીનો સ્વભાવ ખુબ સરસ છે. આ મકાન તો કાલે જ ખાલી કરવું પડશે. આપણે તો કાલે જ જવું પડે એમ છે.

હેતાબેન : ઠીક છે. બીજો કોઈ રસ્તો જ તો નથી. હું તૈયારી શરુ કરી લઉં.

**દૃષ્ય : ૩**

વિજયભાઈ છાપું વાંચતા બેઠા છે.

વિજયભાઈ : મૈત્રી, ક્યાં ગઈ ? આજે શનિવાર છે. ભૂલી ગઈ કે શું ?

મૈત્રી : ભૂલતી હોઈશ, આજે તો આપણો મોસ્ટ વોન્ટેડ દિવસ. ચાલો આવી જાઓ, હું માલિશ કરી દઉં.

વિજયભાઈ : (તેલ ની વાટકી સાથે આવે છે) તું કાયમ મને તેલની માલિશ કરી આપે છે પણ આ મારી ટાલ તો વધતી જ જાય છે. આ તારી માલિશથી તો વાળ ઉતરી નથી જતા ને ?

મૈત્રી : શું પપ્પા તમે પણ? હું જો માલિશ ના કરતી હોત ને તો તમે અનુપમ ખેર જેવા ક્યારના થઈ ગયા હોત.

વિજયભાઈ : હા... હા... હા... અચ્છા સાંભળ, શરદભાઈનો ફોન આવ્યો હતો કે એમના મિત્ર મનનભાઈ અને એમના પત્ની હેતાબેન આપણે ત્યાં થોડા દિવસ આવશે.

મૈત્રી : અરે વાહ! ખૂબ સરસ, તમને કંપની મળશે, મને ખબર છે કે મમ્મીના મૃત્યુ પછે તમને ખૂબ એકલુ લાગે છે (માલીશ થઈ ગયા પછી)ચાલો, આપણે આપણી પત્તાની રમત શરુ કરી દઈએ.?

વિજયભાઈ : હા, હા, (પત્તાં લઈને આવે છે અને ઢગલાબાજી રમવા પત્તાં વહેંચે છે).

મૈત્રી : પાછી એ જ ઢગલા બાજી ? મને બીજી બધી રમત રમવાની ઇચ્છા થાય છે.

વિજયભાઈ : પણ એતો

મૈત્રી : જાણું છું. બીજી રમતો રમવા માટે ચાર કે એથી વધારે વ્યક્તિઓ

હોય તો વધારે મઝા આવે. કાશ આપણે ત્યાં થોડા વધારે માણસો હોત તો ?

વિજયભાઈ : સારું ચાલ આપણે મૂવી જોઈએ – હમ સાથ સાથ હૈ

મૈત્રી : ના પપ્પા, તમને ખબર છે ને, એ મૂવી જોઈને મને આ ઘર ખાવા દોડે છે.

વિજયભાઈ : બેટા, એટલે જ તો કહું છું કે તું બીજા મેરેજ કરી લે. અથવા કોઈ બાળકને દત્તક લઈ લે.

મૈત્રી : ના પપ્પા, તમે એ વાત કરશો જ નહિ. તમને ખબર છે ને કે હું સમીર અને મારા લાડક્વાયા વિહાંગ સિવાય બીજા કોઈને સ્વીકારી ના શકું. હું બીજા લગ્ન કરીને એ વ્યક્તિને ન્યાય ના આપી શકું તો મારી સાથે બીજું કુટુંબ પણ બરબાદ થશે.

વિજયભાઈ : બેટા, તને ખબર છે ને કે તું જોબ પર જાય પછી હું પણ ખાલીપો મહેસુસ કરું છું. આપણે પૈસાની કે સગવડતાની કોઈ કમી નથી બસ માણસોની કમી છે. સારું છે કે મનનભાઈ અને હેતાબેન આપણે ત્યાં થોડા દિવસ આવે છે. એટલા દિવસ તો આનંદ આનંદ (એટલામાં ડોરબેલ વાગે છે. મૈત્રી દરવાજો ખોલે છે અને મનનભાઈ અને હેતાબેન ઘરમાં પ્રવેશ કરે છે.)

વિજય : આવો આવો મનનભાઈ, આવો હેતાબેન. તમે બરાબર સમયે જ આવી ગયા છો.

મનનભાઈ : કેમ છો વિજયભાઈ. તમને તકલીફ આપવા માટે આવી ગયા છીએ. હેતાને થોડો સંકોચ થતો હતો પણ શરદભાઈએ તમારા સ્વભાવ વિષે વાત કરી હતી.

વિજયભાઈ : અરે શું વાત કરો છો મનનભાઈ. અમને તો આ ઘર સૂનું સૂનું લાગતું હતું એટલે તમારી જ રાહ જોતા હતા.

(મૈત્રી તરફ જોઈને) બેટા, મનનભાઈ અને હેતાબેનનો સામાન એમના રૂમમાં મૂકી આવ.

(મૈત્રી સામાન મુકવા રૂમમાં જાય છે.) મનનભાઈ, ચાલો અમારી સાથે પત્તા રમવા આવી જાઓ. (પત્તા વહેંચે છે અને....)

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

**દૃષ્ય : ૪**

(મનનભાઈ અને હેતાબેનનો વિજયભાઈને ત્યાં આ ચોથો દિવસ છે. રૂમમાં ચારે જણ ગદ્ધા ચોરની રમત રમી રહ્યા છે. વિજયભાઈ મનનભાઈના હાથમાંનું પત્તું ઉપાડે છે.)

વિજયભાઈ : આ પાછો ગદ્ધો મારામાં જ આવી ગયો. મને લાગે છે કે આ પાંચમી વાર હું ગદ્ધાચોર બનીશ.

મૈત્રી : તમે ગયા જન્મમાં ચોર હસો. આ જન્મમાં બીજો ચાન્સ ના મળ્યો એટલે પત્તામાં ગદ્ધા ચોર. (બધા હસી પડે છે)

મનનભાઈ : વિજયભાઈ, બસ આજે છેલ્લો દિવસ ગદ્ધાચોર બની જાઓ. કાલે તો અમે જઈશું.

વિજયભાઈ : અરે, એટલી વારમાં તમારો જવાનો દિવસ આવી ગયો ? એવું તે કંઈ ચાલતું હશે ? તમે બંને અહીં છો તો અમને કેટલો આનંદ આવે છે.

હેતાબેન : વિજયભાઈ, સાચું કહું, તમે બંનેએ તો અમારું દુ:ખ બિલકુલ ભુલાવી દીધું. પણ જીવનસંધ્યામાં હવે જગ્યા ખાલી થઈ છે. નામ તો ક્યારનું નોંધાવી દીધું હતું.

વિજયભાઈ : અરે પણ અહીંની સંધ્યાનું જે જીવન છે એ તમને જીવનસંધ્યામાં ક્યાં મળવાનું છે ?

મૈત્રી : હું તમને સરપ્રાઈઝ આપું છું. મનન અંકલ અને હેતા આંટી ક્યાંય જવાના નથી. મેં શરદભાઈ સાથે વાત કરી લીધી છે અને એ બંને હવે અહીં જ રહેશે. તમે મને કોઈ બાળકને દત્તક લેવાની વાત કરતા હતાને તો મેં મારા માતા પિતા જેવા આ વડીલોને દત્તક લઈ લીધા છે.

લાગણીશીલ મૈત્રી બીજા લગ્ન કરવા કરતા કે બાળકને દત્તક લેવા કરવા કરતા મનનભાઈ અને હેતાબેનને દત્તક લઈને વિજયભાઈનો ખાલીપો દૂર કરે છે, મનનભાઈ અને હેતાબેનને મદદ કરે છે. સમાજમાં એક નવો ચીલો ચાતરે છે.

**-Concept and Main Story : Riddhiben Shah**

**Dialogues : Nitin Shah**

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

# આકારણી



આકારણી શબ્દ સાંભળતા સેલ્સટેક્ષ, ઈન્કમટેક્ષ વગેરે ઓફીસનો તાત્કાલીક વિચાર મનમાં ઉદ્ભવે છે. હિસાબો પ્રમાણે સેલ્સ પરચેઝ (ખરીદ–વેચાણ)નાં આંકડાઓ છે કે નહી વગેરે ઉપરોક્ત બન્ને સરકારી ઓફીસો આકારણી કરી સત્ય હકીકતનો નિચોડ કાઢે છે. અને આગળની કાર્યવાહી કરે છે. ખર્ચ–આવકનો નિચોડ ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ કાઢે છે. પ્રોફેશનલ ટેક્ષ ઉપરાંત અનેક કચેરીઓમાં આકારણીનો દોર ચાલુ રહે છે. આકારણી પછી આપણને આકારણીનો હુકમ (ઓર્ડર) આપે છે.

આપણે વ્યક્તિગત રીતે પોતે પોતાની નિષ્પક્ષ રીતે આકારણી કરવાની છે. સાવધ રહેવાની જરૂર છે. કારણ કે ઉપરવાળાથી કાંઈ છૂપુ રહેતું નથી. આપણામાં ગુણ દોષોનો ભંડાર, ભરેલો છે. જે દૃશ્યમાન હોવા છતાં આપણા ધ્યાનની બહાર છે. આપણને બીજાની પંચાત, બીજાનાં દોષ જોવાની ખરાબ આદત પડી ગઈ છે. બીજાની વિગતો જાણવાની ઈંતેજારી રહે છે. પોતાનો ઇતિહાસ ગુપ્ત રાખવો છે. આપણને બધાને ઉપદેશ ગમતો નથી ઉપદેશાત્મક વાતો બીજાને લાગુ પડે છે. હું એમાંથી બાકાત છું એમ માનવું જે જીવનની સૌથી મોટી મૂર્ખામી આપણે કરી રહ્યા છીએ. સ્વઆકારણી કરનાર પણ આપણે છીએ. કરાવનાર પણ આપણે છીએ. આકારણી કરવાનું મુખ્ય પ્રયોજન એટલું જ છે કે આપણે બહાર દેખાઈએ છીએ એવા અંદરથી હોતા નથી. બે પૈસા હાથમાં આવતા વિવેકને રુકસદ આપી દઈએ છીએ. અભિમાનની છત્રછાયામાં ભગવાનનો પણ આપણાથી અનાદર થઈ જાય છે. સમાજ સગા–સંબંધીથી દૂર થઈ જઈએ છીએ કારણ કે પૈસાની ગરમી આપણા સ્વભાવનો ખરાબ રીતે બગાડી નાંખે છે. જેથી આપણે સગાસબંધીને અકારા થઈ પડીએ છીએ. સ્વઆકારણીનો ઓર્ડર આપણને મળતો નથી. આપણામાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ગુપ્ત રીતે એવા ઘૂંસી ગયા છે કે બહાર જવાનું નામ લેતા નથી. પ્રસંગે આપણને પોતપોતાના દર્શન કરાવ્યા કરે છે.

એકબીજાને નીચે પાડવાની ભાવના ઉત્પન્ન કરાવે છે અને આપણે તે પ્રમાણે કરીએ પણ છીએ. માંકડા જેવું ચંચળ મન સ્થિર રહી શકતું નથી. તેથી શ્રીહરિની સેવામાં પણ ૧૦૦% સ્થિરતા રહેતી નથી. આધુનિક યુગમાં સમય અને સંજોગ સામે આપણે લાચારી અનુભવવી પડે છે. પહેલા જેવો કાબૂ રહ્યો નથી. બાંધછોડની નિતિ અપનાવવી પડે છે. પોતાની આકારણી કરવાથી (પૂર્ણ નિખાલસતાથી) આપણામાં રહેલા સારા ખરાબ ગુણોનું ભાન થશે અને શ્રી ઠાકોરજીની કૃપા હશે તો આપણામાં જરૂર ફેરફાર થશે એ વાત તથ્યથી ભરેલી છે. ભગવાન શ્રીકૃષ્ણની લાઠીમાં ખૂબ જ તાકાત છે. ભલભલાની કમ્મર તોડી શકે છે. પણ સાથે સાથે એ પણ યાદ રાખવાનું છે કે જીવનમાં સારા કરેલા કામો પણ શ્રી હરિની દૃષ્ટિથી ઓઝલ નથી. શ્રી પ્રભુ સારા કામ પાછળની ભાવનાને ખાસ જુએ છે. શ્રીનાથજી બાવા જ આપણા સાચા જીવનસાથી (સાચા સગા) છે. શ્રી ઠાકોરજી પરમકૃપાળુ પરમાત્મા આપણું હિત કરવામાં જ રાજી રહે છે. પણ જીવની અવળચંડાઈ શ્રીહરિને શિક્ષા કરવા મજબૂર કરે છે.

એક વાત કબૂલ કરવી પડે એમ છે કે ગમે તેવા અંતરાયો દુ:ખ વિપત્તિઓ આવે છે પણ પ્રભુ પરથી શ્રદ્ધા વિચલીત થતી નથી. એ જ શ્રી ઠાકોરજીની અસીમ કૃપા છે. આવા અનુભવો દરેકનાં જીવનમાં થતા આવ્યા છે.

આકારણીની નોટીસ મળતાં ચોપડા વિગતો સાથે આપણે ઓફીસમાં પહોંચી જઈએ છીએ Assessmant કરાવીએ છીએ. લાંબો સમય પણ લાગે છે. આકારણીનો આદેશ આવતા નિરાંતનો શ્વાસ લઈએ છીએ. સ્વની આકારણીનો વેપારી પણ આપણે છીએ અને આકારણી કરનાર પણ આપણે છીએ. આજના સમયમાં બીજાનું જોઈને ખુશ થનારાઓની સંખ્યા ઘટતી જાય છે. બીજા પર આવેલ આફતથી ખુશ થનારાઓની સંખ્યા વધતી જાય છે. જો એ જ આફત આપણા પર આવી હોત તો ? એનો વિચાર કોઈ કરતું નથી. બીજાની સામે આંગળી ચિંધતા વિચારવું જોઈએ. તેની સામે એક જ આંગળી હોય છે જ્યારે આંગળી ચિંધનારની સામે ત્રણ આંગળી હોય છે. આજની વાત યાદ રાખવા જેવી ખરી! ટૂંક સાર જોવા જઈએ તો આપણે આપણા સ્વભાવથી જ દુ:ખી છીએ. મન નબળું છે. જોકે શારીરિક દુ:ખ અસહ્ય હોઈ શકે છે. કર્મો કોઈને છોડતું નથી. હિસાબ

ચુકતે કરવો જ પડશે. એમાં કોઈનું ચાલવાનુ નથી. આકારણી કરવી હિતાવહ છે.

મોટેરાંઓનાં જેટલા વર્ષો ગયા એટલા જવાના નથી. માટે પ્રેમભાવથી રહેવામાં જ મઝા છે. પાપોની બાદબાકી કરવી હોય તો પારકીપંચાતમાંથી નિવૃત્ત થવું પડશે. પુણ્યોની વૃદ્ધિ કરવી હોય તો શાસ્ત્રોક્ત સારા કર્મો કરી ભક્તિમાર્ગની ધજા લહેરાવી શ્રી ઠાકોરજીની કૃપા મેળવી હૃદય શુદ્ધતા સાથે સૂર્ય, ચંદ્રની સાક્ષીએ અનંતનાં માર્ગે સિધાવીએ એજ શ્રીહરિનાં ચરણોમાં નમ્ર નિવેદન ! અસ્તુ !

**– નવિનચંદ્ર દશરથલાલ ગાંધી**
ભરૂચ (હાલ વડોદરા)
મો. નં. ૯૫૮૬૮૧૭૪૬૦

**લગ્ન વિષયક – અમદાવાદ – યુવક**

જન્મ તા. ૧૩/૭/૧૯૯૯
ઉંચાઈ : ૫' ૭"
વજન : ૭૨ કિલો
અભ્યાસ : MBA (Marketing)
વ્યવસાય : Family Business
નિર્દોષ મંગળ છે.
મો.નં : ૯૪૨૭૭ ૧૦૭૮૧

**લગ્ન વિષયક – યુવક**

જન્મ તા. ૫/૧૧/૧૯૯૬
ઉંચાઈ : ૫' ૭"
વજન : ૮૦ કિલો
અભ્યાસ : B.E (Computer), LJIT, M.S. Computer Science, USA
વ્યવસાય : Software Engineer, Oracle, USA
મંગળ–શનિ નથી.
માતા – શિક્ષીકા
મો.નં : ૯૪૨૬૭ ૦૯૩૭૪

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## બાળકોને પ્રોત્સાહિત કરીએ

પ્રિય વાચક મિત્રો,

આપણી જ્ઞાતિનાં બાળકો ખુબ પ્રતિભાશાળી છે. તેઓ અવનવા ચિત્રો, રંગોળી, પેઈન્ટીંગ વગરે મોકલી આપે છે તેને આપણે વાયડામિત્રમાં યોગ્ય જગ્યાએ પ્રકાશિત કરી બાળકોને પ્રોત્સાહિત કરીએ છીએ. આ સિવાય બાળકોની અન્ય રચના જેમકે નાની વાર્તા, કાવ્ય, લેખ વગેરે અમને મોકલી આપો. તેમની આ રચનાઓ આપણે વાયડામિત્રમાં પ્રકાશિત કરીશું જેથી તેમને પ્રોત્સાહિત કરી શકાય તથા અન્ય બાળકો પણ પ્રેરણા મેળવી શકે. આ રીતે તેઓ વાયડામિત્રનાં નિયમિત વાચકો બની શકે.

લેખકમિત્રોને પણ ખાસ વિનંતી કે તેઓ બાળકોને લગતી પોતાની રચના જેવી કે બાળવાર્તા, કવિતા, ટુચકા, ઉખાણાં વગેરે મોકલી આપે.

આભાર સહ...

### સુધારો

જુલાઈ–૨૦૨૪ પેજ નં ૩૯ ઉપર આપેલ હાઈ–શાઈનની જાહેરખબરમાં ફોન નં : ૯૯૨૫ ૮૨૭૪૪૮ ને બદલે ૯૯૨૫૮ ૨૭૪૪૮ વાંચવો.

### અંક ન મળવા અંગે

વાયડામિત્ર જો ૨૫ તારીખ સુધીમા ન મળે તો કુરિયર દ્વારા મંગાવવા માટે વ્યવસ્થાપક શ્રી હર્ષ પરીખ (મો. ૯૪૨૭૯ ૫૪૯૬૮) નો સાંજે ૭.૦૦ વાગ્યા પછી સપર્ક કરવો.

– તંત્રી

**સરનામુ બદલેલ છે.** ***

જુનુ સરનામુ

Sanatbhai N. Parikh, 702, Naldeep Tower, Nr. Navrang Circle, Nr. Nirav Comples, Naranpura, Ahmedabad - 380 014

નવુ સરનામુ

Sanatbhai N. Parikh, 9, Divya Sparsh Villa, Shahpur Cross Road, Nr. Giftcity Circle, Gandhinagar - 382 355

એમ.જે.નગરશેઠ (અમેરિકા) ના જય શ્રી કૃષ્ણ

## ‘શબ્દ વ્યૂહ’



ઓગસ્ટ, ૨૦૨૪ થી આપણા ‘વાયડામિત્ર’ના વાચકો માટે ‘શબ્દ વ્યૂહ’ કોલમ શરૂ કરી રહ્યાં છીએ. ઘણાં બધા વાચકમિત્રો ઉત્સાહથી ‘શબ્દ વ્યૂહ’ કોલમની રાહ જોઈ રહ્યા હતાં. શ્રી સુધીરભાઈ પી. શાહ (મહેસાણા) ને વિનંતી કરતા તેઓ એ આ કોલમનું સંચાલન કરવાનું સ્વીકાર્યું છે. સુધીરકાકા ‘વાયડામિત્ર’ના વાચકો માટે પરિચિત છે. તેઓ અગાઉ પણ આ કોલમનું સંચાલન કરી ચૂક્યાં છે. તેઓ (BE Mech.) થયેલા છે. તેઓ સારા પેઈન્ટર પણ છે. તેમણે તેમની પેઈન્ટીંગથી ‘વાયડામિત્ર’નું મુખપૃષ્ઠ પણ શોભાવ્યું હતું. તેઓશ્રી ગુજરાતી લેખનમાં શુદ્ધ જોડણીના ખૂબ આગ્રહી છે. આવો આપણે સૌ ‘શબ્દ વ્યૂહ’ કોલમની મઝા માણીએ.

– તંત્રી

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | | ૭ |
| ■ | ૮ | | ૯ | ■ | ૧૦ | | ■ | |
| ૧૧ | | | | ■ | ૧૨ | | ૧૩ | |
| ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | ■ | ૧૭ | | |
| | ■ | ૧૮ | | | ■ | ■ | | ■ |
| ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | ૨૩ | ■ | ૨૪ |
| ૨૫ | | | ■ | ■ | ૨૬ | | ૨૭ | |
| ■ | | ■ | ૨૮ | ૨૯ | | ■ | ૩૦ | |
| ૩૧ | | | | | ■ | ૩૨ | | |

**આડી ચાવી :** ૧ શાંતિ, સુખચેન (૩); ૪ હિમાલયનું એક યાત્રાસ્થાન (૫); ૮ સોગન (૩); ૧૦ શિરા, રગ (૨); ૧૧ આદત, ખાસિયત (૪); ૧૨ ઝઘડો, કજિયો (૪); ૧૪ ખરાબ, હીન (૨); ૧૫ પીડા, ઉપાધિ (૨); ૧૭ ચાળેલો ઘઉંનો લોટ (૩); ૧૮ ઢાંકણવાળું ધાતુનું પાત્ર, ડબો (૩); ૧૯ છેડો, પાલવ (૩); ૨૧ કંકુ (૩); ૨૫ રૂપુ (૩); ૨૬ અતિશય, પુષ્કળ (૪); ૨૮ ઘસરકો, ઘા (૩); ૩૦ વાણી, બોલી (૨); ૩૧ સમાચાર લાવનાર (૫); ૩૨. પેટ (૩)

**ઊભી ચાવી :** ૨. મુરાદ, ધારણા (૪); ૩. મૂળ, વંશ (૩); ૫. મનનું વલણ વૃત્તિ (૩); ૬ સાર, તત્ત્વ, કસ (૪); ૭ જાડો લેપ, થર (૪); ૯. હેતુ આશય (૪); ૧૧. હોંશિયાર, કાબેલ, સાવધ (૫); ૧૩. લાંબો સાદ (૩); ૧૬. બાજુના ઘરમાં રહેનાર (૩); ૧૮. મનનું વલણ, વૃત્તિ (૩); ૨૦. ધર્મ પંથ (૪); ૨૨. રાત્રે તીણા અવાજથી બોલતું એક જીવડું (૩); ૨૩. હોઠ (૨); ૨૪. વાતની ઉહાપોહ; ચર્ચા (૪); ૨૭. પંચ, પંચાતિયો (૩); ૨૮. ધર્મ વિરુદ્ધ કૃત્ય, અપવિત્ર (૨); ૨૯ તાપ – વરસાદથી બચવાનું સાધન (૨);

નોંધ : શબ્દવ્યૂહ –૧ ના જવાબો તા. ૨૭–૮–૨૦૨૪ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવા વિનંતી :

**સુધીરભાઈ પી. શાહ**

૧૭, સ્વામી સીમંધર સોસાયટી, પશાભાઈ પેટ્રોલ પંપ સામે,
નાગલપુર કોલેજની બાજુમાં, મહેસાણા–૩૮૪ ૦૦૨
મો. ૯૭૨૬૦ ૪૦૨૬૨

## શેઠ ત્રિભોવનદાસ વેણીદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ

આથી શ્રી દશા વાયડા વણિક જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ બહેનો તથા જ્ઞાતિબંધુઓને જણાવવાનું કે આ સાથે નીચે મુજબની એક યોજના તા. ૧–૧૧–૯૧થી શરૂ કરવામાં આવી છે. તે સુધારા–વધારા સાથે સને ૨૦૨૪–૨૦૨૫ વર્ષ માટે ચાલુ રાખવામાં આવી છે. જેની રૂપરેખા નીચે મુજબ છે.

**શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના :** આ યોજના હેઠળ મદદ નહિ પણ મેરીટના આધારે સ્કોલરશીપ આપવામાં આવે છે. કોઈ પણ સંકોચ વગર આ યોજનાનો લાભ સમસ્ત દશા વાયડા વણિક જ્ઞાતિના વિદ્યાર્થીઓ લઈ શકે છે. SSC અને HSC ની પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ માર્કસ લાવનારને SSC રૂા. ૧૦૦૦/– અને HSC રૂા. ૧૨૦૦/– મુજબ સ્કોલરશીપ આપવામાં આવશે. સ્કોલરશીપ લેવા માટે આગળ અભ્યાસ કરવો જરૂરી છે.

**અરજી પત્રક નં. ૩**

| કોલેજનો અભ્યાસ | ૧લું વર્ષ | ૨જુ વર્ષ | ૩જુ વર્ષ | ૪થું વર્ષ | સ્નાતક |
|---|---|---|---|---|---|
| કોર્ષ માટે | ૧૦૦૦ | ૧૧૦૦ | ૧૨૦૦ | – | 60% |
| અનુ સ્નાતક કોર્ષ માટે | ૧૨૦૦ | ૧૫૦૦ | – | – | 50% |
| ડીગ્રી કોર્ષ | ૧૨૦૦ | ૧૩૫૦ | ૧૫૦૦ | ૧૮૦૦ | 50% |
| ડીપ્લોમા કોર્ષ | ૧૦૦૦ | ૧૨૦૦ | ૧૫૦૦ | – | 50% |

**સર્વાંગી વિકાસ યોજના :** બીજા કોઈપણ ક્ષેત્રમાં અપૂર્વ સિધ્ધી પ્રાપ્ત કરનારને યોગ્ય પારિતોષિક આપવામાં આવશે. (અરજી પત્રક નં. ૪)

**ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય :** ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય મેળવવા અરજી પત્રક નં. ૧ મોકલવાનું રહેશે. જેની સાથે છેલ્લા પાસ કરેલ ધોરણની માર્કશીટ તથા કોલેજ ફીની રસીદ તેમજ પુસ્તકોના બીલની કોપી મોકલવાની રહેશે.

સ્કોલરશીપ મેળવવા આગળ અભ્યાસ કરવો જરૂરી છે. માટે એ માટેનું પ્રુફ અરજી સાથે જોડવુ.

તબીબી સારવાર માટે સહાય : તબીબી સહાય માટે અરજી પત્રક નં. ૨ મેળવી દવાના બીલ તેમજ ડોક્ટરના સર્ટીફીકેટ સાથે મોકલવાના રહેશે. આ અરજી વરસમાં કોઈ પણ અરજી પત્રક સાથે નીચેની વિગત અચુક જણાવવી

બેન્કનું નામ, બ્રાન્ચ અને એકાઉન્ટ નંબર (પાસબુક કોપી સાથે)

અરજદારનો વોટ્સએપ નં. અથવા ઈ–મેલ એડ્રેસ, મો. નંબર જરૂરથી આપવો.

પોસ્ટલ સ્ટેમ્પ લગાડેલું જવાબી કવર બીડવું.

અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૩૦–૯–૨૦૨૪

ઉપરની સમગ્ર યોજના સંબંધે પત્ર વ્યવહારનું સરનામું નીચે મુજબ છે.

૧. પ્રાણજીવન કે. શાહ એ–૬૦૩, સાંઈ આશાદીપ, સેવારામ લાલવાની રોડ, વિઠ્ઠલનગર, મુલુંડ (પ.) મુંબઈ – ૪૦૦૦૮૦, મો. નં. ૯૩૨૪૬૧૧૩૦૧ E-mail : npshah1711@gmail.com ૨. નૈલેશભાઈ કે. શાહ ૬૦૩, વિજય એપાર્ટમેન્ટ, એમ. જી. રોડ, નં. ૩, સ્વીમીંગ પુલની પાછળ, સારસ્વત બેંક પાસે,કાંદીવલી (પ.) મુંબઈ – ૪૦૦૦૬૭, (મો.) ૯૮૯૨૨૮૯૫૧૩, ટ્રસ્ટના અરજીપત્રક E-mail : npshah1711@gmail.com પરથી મેળવી શકાશે.

– પ્રાણજીવન કે. શાહ, મેનેજીંગ ટ્રસ્ટી

## શ્રી કચ્છી વાયડા જ્ઞાતિ કેળવણી ફંડ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તરફથી કચ્છી વાયડા જ્ઞાતિના સર્વે વિદ્યાર્થી ભાઈ–બહેનોને વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્કોલરશીપ આપવામાં આવશે. એ માટે વર્ષ ૨૦૨૪માં પાસ કરેલ ધોરણની માર્કશીટ અરજીપત્રક સાથે આપવાની રહેશે. દરેક ધોરણના વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ–બહેનોને મદદરૂપ થવાનો છે. ઉચ્ચ અભ્યાસમાં સરકારમાન્ય કોઈ પણ કોર્ષ માટે ટ્રસ્ટની આવકને ધ્યાનમાં લઈને મદદ કરવામાં આવશે. ઉચ્ચ અભ્યાસની સ્કોલરશીપ મેળવવા માટે અલગથી અરજી કરવાની રહેશે. અરજી સાથે પાસ કરેલ ધોરણની માર્કશીટ, ઉચ્ચ અભ્યાસની વિગત, કોલેજનું પ્રોસ્પેક્ટીવ અથવા ફી ભરી હોય તો એની રસીદ આપવાની રહેશે સાથે પોતાનો મો. નંબર અને બેન્ક ખાતાની વિગતો અવશ્ય આપવી. બેન્ક પાસ બુકની કોપી આપવી. સામાન્ય સ્કોલરશીપ માટેના અરજીપત્રક નીચે જણાવેલ પ્રતિનિધિઓ પાસેથી મેળવી શકાશે અથવા ઈ–મેઈલથી મંગાવી શકાશે. E-mail : npshah1711@gmail.com, ૧. શ્રી ભરત જે. શાહ, ભુજ – કચ્છ, ૨. શ્રી પરિમલ એચ. શાહ, માંડવી – કચ્છ, ૩. શ્રી પ્રાણજીવન કે. શાહ – મુંબઈ

અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦–૯–૨૦૨૪ છે. ત્યાર પછી આવેલ અરજી પત્રક પર ધ્યાન આપવામાં આવશે નહીં.

– પ્રાણજીવન કે. શાહ, મેનેજીંગ ટ્રસ્ટી

સુહાસ હરિન્દ્રભાઈ શાહ (અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

## ગંગાગોપાલ ચેરીટેબલ ટ્રસ્ટ

ઉપરોક્ત ટ્રસ્ટ તરફથી કચ્છી વાયડા જ્ઞાતિના વિદ્યાર્થી / વિદ્યાર્થીઓને ફક્ત કોલેજના ઉચ્ચ શિક્ષણ માટે તેમ જ અન્યને વૈદ્યકિય સારવાર માટે ટ્રસ્ટની આવકને ધ્યાનમાં લઈને મદદ કરવામાં આવે છે. સ્કોલરશીપ માટે ફોર્મ સાથે પાસ કરેલ ધોરણની માર્કસશીટ તેમ જ કોલેજની ફી રસીદ મોકલવી. બેન્ક પાસ બુકની કોપી આપવી. વૈધકીય સારવાર માટે ફોર્મ સાથે હોસ્પીટલ / દવાના બીલ મોકલવા જરૂરી છે.

ફોર્મ સાથે બેન્ક ખાતાની વિગત તેમજ મોબાઈલ નંબર જરૂરથી લખવો.

ફોર્મ માટે સંપર્ક : મુંબઈ : પ્રાણજીવન કે. શાહ – ૯૩૨૪૬ ૧૧૩૦૧, ભુજ : ચિરાગ રજનીકાંત – ૯૭૨૪૭ ૯૭૯૦૬, માંડવી : પરિમલ એચ. શાહ – ૯૮૨૫૨ ૩૫૮૧૮

ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૦–૯–૨૦૨૪ છે.

**– પ્રાણજીવન કે. શાહ, મેનેજીંગ ટ્રસ્ટી**

## શાંતિલાલ મકનજી મેમોરિઅલ ટ્રસ્ટ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટની આવકને ધ્યાનમાં લઈને વૈદ્યકિય સારવાર માટે તેમજ આર્થિક રીતે નબળા કુટુંબોને મદદ કરવામાં આવે છે. અરજી નીચે જણાવેલ સરનામે મોકલવી સાથે બેંક વિગત અને મો. નંબર આપવો.

**– પ્રાણજીવન કે. શાહ**

એ/૬૦૩, સાંઈ આશા દિપ, એસ. એલ. રોડ, મુલુન્ડ (પ.) મુંબઈ–૪૦૦૦૮૦

## મુંબઈ કચ્છી વાયડા સમાજ, મુંબઈ

ઉપરોક્ત ટ્રસ્ટ તરફથી મુંબઈ કચ્છી વાયડા જ્ઞાતિના સર્વે વિદ્યાર્થી ભાઈ–બહેનોને વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્કોલરશીપ આપવામાં આવશે. એ માટે ૨૦૨૪માં પાસ કરેલ ધોરણની માર્કશીટ અરજી પત્રક સાથે આપવાની રહેશે. દરેક ધોરણના વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧–૮–૨૦૨૪ છે. અરજી પત્રક સાથે સ્કૂલ / કોલેજની ફીની રસીદ પણ જોડવી. બેન્ક પાસ બુકની કોપી આપવી.

**– પ્રાણજીવણ કે. શાહ, મેનેજીંગ ટ્રસ્ટી**

સ્વ. પરષોત્તમ બેચરદાસ શાહ(ભૂજ–કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ

સ્વ. મંજુલાબહેન રસિકલાલ શાહ (કડીવાળા)ના જય શ્રી કૃષ્ણ

## શ્રી સમીરી વણીક સમાજ મહિલા મંડળ, અમદાવાદ

ઘણા સમય પછી મંડળનો પ્રોગ્રામ તા. ૨૬-૬-૨૦૨૪ને બુધવારના રોજ હોટલ ૬૫૦-The golobal kitchen માં રાખવામાં આવ્યો હતો.

સૌ પ્રથમ પ્રોગ્રામની શરૂઆત શ્રી યમુનાષ્ટકના પાઠથી કરવામાં આવી હતી. ત્યારબાદ મંડળના સેક્રેટરી સોનલબેન પરીખે પ્રોગ્રામમાં આવેલ સર્વે સભ્ય બહેનોનું સ્વાગત કર્યું હતું. મંડળની બહેનો ઘણી મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

હાઉસની રમતનું નામ પડે અને બહેનો ખુબ ખુશ થાય છે. જેથી આ વખતે ફક્ત હાઉસીનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખશ્રી સ્મૃતિબેન અને ઉપપ્રમુખ મીતાબેન પરીખે જુદી જુદી રીતે હાઉસીની રમત રમાડીને હાજર રહેલા બહેનોને ખૂબ આનંદ કરાવ્યો હતો. બહેનોએ સરસ ભોજનનો આનંદ માણ્યો. છેલ્લે હસતા હસતાં ઈનામો જીતી એકબીજાને જયશ્રીકૃષ્ણ કહી છુટા પડ્યા.

દેવીબેન મનુભાઈ પરીખ દ્વારા મંડળને રૂ. ૨૫૦૦/-નું ડોનેશન આપવામાં આવ્યું હતું. તેમની નાદુરસ્ત તબિયતના કારણે તેઓ મંડળના પ્રોગ્રામમાં હાજરી આપી શકતા નથી તેથી તેઓએ મંડળ છોડવાનો વિચાર વ્યક્ત કર્યો હતો. વડીલ દેવીબેને મંડળની શરૂઆતથી અત્યાર સુધી આર્થિક અને શારીરિક ઘણી સેવા આપી છે. તેમજ મંડળના દરેક પ્રોગ્રામને સફળ બનાવવા તેમણે પરોક્ષ-પ્રત્યક્ષ રીતે યોગદાન આપ્યું છે. તેમણે કમીટીની બહેનોને પણ યોગ્ય સલાહ સૂચન આપી મંડળને આગળ કેમ વધારવું તે શીખવ્યું છે. આજે મંડળની બહેનો તેમનો ખુબ દિલથી આભાર માને છે ને ઠાકોરજી દેવીબેનનું સ્વાસ્થ્ય ખૂબ સારું રાખે તેવી ઠાકોરજીને વિનંતી. પ્રોગ્રામને સફળ બનાવવા માટે દરેક કમીટી મેમ્બરનો આભાર.

**પ્રોગ્રામ દરમ્યાન મંડળને મળેલ ભેટ**

| | |
|---|---|
| દેવીબેન મનુભાઈ પરીખ | રૂ. ૨૫૦૦/- |
| સ્મૃતિબેન આર. શાહ, જન્મદિવસ નીમીતે | રૂ. ૫૦૦/- |
| સોનલબેન શરદભાઈ પરીખ, તેમની દીકરીને ત્યાં દીકરાના જન્મનિમિત્ત | રૂ. ૫૦૦/- |

**સ્મૃતિબેન શાહ, પ્રમુખ** **સોનલ પરીખ, સેક્રેટરી**

ગં. સ્વ. લતાબહેન રમેશચંદ્ર પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ

## તેજસ્વી તારલા



Ayush Saurabh Parikh based in Mumbai has cleared his B.Tech in Computer Science with 9.4 CGPA out of 10. He is going to USA for persuing his masters in Computer Science from University of Sourthern California (USC), LA.

Best Wishesh to him

### શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ
### યાત્રા કલબ
### આયોજિત બનારસ - અયોધ્યા - પ્રયાગરાજ પ્રવાસ

શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિજનો માટે જાન્યુઆરી ૪,૨૦૨૫ થી જાન્યુઆરી ૧૨, ૨૦૨૫ દરમ્યાન બનારસ – અયોધ્યા – પ્રયાગરાજ – અડેલ – ચરણાટ વગેરે સ્થળોએ યાત્રા પ્રવાસનું આયોજન ‘યાત્રા કલબ’ તરફથી કરવામાં આવ્યું છે. આ યાત્રાનો ખર્ચ આશરે ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ પ્રતિ વ્યક્તિ થાય તેવું અનુમાન છે.

જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન જ્ઞાતિની સહાયથી ચંપારણ યાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

યાત્રા કલબ જ્ઞાતિજનોના વ્યક્તિગત ગ્રુપ દ્વારા આકાર પામી છે. દર વર્ષે એક પ્રવાસ કરવાનું આયોજન છે. વધુ માહિતી માટે જ્ઞાતિની વાડીમાં શ્રી નાનુભાઈનો સંપર્ક કરવો. (મો.) ૯૮૭૯૦ ૫૩૪૯૯

**પિયુષ શાહ** — **કિરણ શાહ**

**સુનિલ શાહ** — **વિજેશ શાહ**

સ્વ. નિરંજનાબહેન તથા સ્વ. કાંતિલાલ મોતીલાલ શાહ (દેત્રોજ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

# શ્રી વાયુદેવતાજી મંદિર, બાજવાડા, વડોદરા

## હવન

આપ સૌને જણાવવાનું કે આ વર્ષે આપણા કુળદેવતા શ્રી વાયુદેવતાજીના મંદિર બાજવાડા, વડોદરા ખાતે ભાદરવા સુદ – ૫ નો હવન તા. ૮–૯–૨૦૨૪ ને રવિવારના રોજ થશે.

શ્રીફળ હોમવાનો શુભ સમયઃ સાંજના ૬–૦૦ કલાકે

આપ હવનમાં નિઃશુલ્ક યજમાન થઈ શકો છો. તે માટે આપ શ્રી વાયુદેવતા મંદિરે રૂબરૂ અથવા તો પૂજારી શ્રી દત્તુભાઈ દવે ને મો. નં. ૯૮૯૮૩ ૦૭૫૧૦ ઉપર જણાવી શકો છો.

વડોદરામાં વસતાં સૌ વાયડા વણિક જ્ઞાતિજનોને હવન અને ત્યારબાદ આરતીમાં ઉપસ્થિત રહી, પ્રસાદ મેળવી, કુળદેવતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા વિનંતી છે.

પરંપરા મુજબ, હવનના સમાપન બાદ, સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે, શ્રી વાયુ પુરાણનું પારાયણ, જ્ઞાતિના પ્રતિનિધિ દ્વારા થશે.

ચાલુ વર્ષે ભાદરવા સુદ–૬ની ઉજાણીનું પણ આયોજન હાથ ધરવામાં આવશે. જેની વિગતો નક્કી થયા બાદ જ્ઞાતિના વોટ્સએપ ગ્રુપમાં મુકવામાં આવશે.

જે જ્ઞાતિજનોએ પોતાના મોબાઈલ નંબર ના નોંધાવ્યા હોય તેમણે આપણી જ્ઞાતિના વોટ્સએપના એડમીન શ્રી હરીશભાઈ શાહ મો. નં. ૯૮૯૭૫ ૦૩૩૬૨ અથવા શ્રી અક્ષયભાઈ મો. નં. ૯૦૬૭૧ ૦૬૧૦૩ને નોંધાવવા તથા સરનામામાં ફેરફાર હોય તો તે પણ જણાવવા વિનંતી જેથી આપને સમયસર માહિતી મળતી રહે.

આપ સૌના સહકારની અપેક્ષા છે.

**– વાયડા વણિક સમાજ, વડોદરા**

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮**

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

---

## પરીક્ષા પાસ

**રાજકોટ** : હર્ષ વિપુલ શાહ

Integrated M. Tech (C. S.) 7th sem - 3.52/4 CGPA

8th sem – 3.28/4 CGPA

## અવસાન

**ગાંધીનગરઃ** મૂળ દેત્રોજનાં તારાબેન વિજયભાઈ શાહ,
ઉ. વર્ષ ૮૧, તા. ૪–૭–૨૦૨૪

**અમદાવાદ** : ચંદ્રકાંતભાઈ નટવરલાલ પરીખ (કડીવાળા)
ઉ. વર્ષ ૮૭, તા. ૫–૭–૨૦૨૪

**અમદાવાદ** : મૂળ પાટણનાં જ્યોતિબેન અશ્વિનભાઈ પરીખ,
ઉ. વર્ષ ૭૫, તા. ૨૧–૭–૨૦૨૪

**ભરૂચ** : ગં.સ્વ. અરૂણાબેન જનાર્દનભાઈ તોલાટ, ઉ.વ. ૮૧,
તા. ૨૬/૭/૨૦૨૪

# દીપોત્સવી અંક અંગે

દિવાળી અંકમાં ઘણા જ્ઞાતિબંધુઓ પોતાની જાહેરાત આપી 'વાયડામિત્ર' પ્રત્યેની શુભ ભાવના પ્રગટ કરે છે. આનાથી 'વાયડામિત્ર'ને આર્થિક રીતે ઘણી મોટી મદદ મળી રહે છે. 'વાયડામિત્ર' ટીમ તે સૌની આભારી છે. 'વાયડામિત્ર'ને મદદ કરવાનાં ઉદ્દેશ્યથી ચાલુ વર્ષે નવીન જાહેર ખબર આપવાની ઈચ્છા હોય તો જણાવવા આગ્રહભરી વિનંતી છે.

- દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી અંક ઑક્ટોબર–નવેમ્બરનો **સંયુક્ત અંક ઓક્ટોબર માસ**માં પ્રસિદ્ધ થશે જેથી નવેમ્બર માસનો અંક પ્રસિદ્ધ થશે નહિ, જેની વાચકમિત્રોએ નોંધ લેવા વિનંતી છે.
- ૨૦૨૩ ના દિવાળી અંકમાં જેમની જા.ખ. છપાઈ હોય તે સૌની જા.ખ. આ વર્ષે પણ રિપીટ કરવામાં આવશે.
- આપની જા.ખ.ના લખાણમાં ફેરફાર કરવાનો હોય અગર સંજોગોવશાત્ જા.ખ. છાપવાની ન હોય તો **તા. ૨૫–૦૯–૨૦૨૪** સુધીમાં ફક્ત લેખિતમાં (Whats App, SMS, email અથવા પત્ર દ્વારા) જાણ કરવી અન્યથા ગત વર્ષની જેમ જ જા.ખ. છાપીશું.
- દિવાળી અંકના ટાઈટલ પેજ ઉપર ઘણાં જ્ઞાતિજનો પોતાની જાહેરાત છપાવવા ઇચ્છે છે પરંતુ બધી જા.ખ.નો સમાવેશ થઈ શકતો નથી. આથી જ્ઞાતિબંધુઓની માંગણીને માન આપી આ વર્ષે પણ બે કવર પેજ (મલ્ટીકલર) છાપવાનો નિર્ણય કરેલ છે. (એક આઉટર કવર પેજ તથા બીજુ ઈનર કવર પેજ). **બેક કવર પેજનો દર રૂ. ૪૧૦૦/– તથા ૬(છ) ટાઈટલ કવર પેજનો દર રૂ. ૨૭૦૦/– રાખેલ છે. આ અંગે ૨૫–૦૯–૨૦૨૪ પહેલાં જાણ કરવા વિનંતી છે.** આવેલ વિનંતીઓમાંથી ડ્રો દ્વારા નક્કી કરી ટાઈટલ પેજ ઉપર જા.ખ. છાપવામાં આવશે.
- અંદરના પાને **મલ્ટી કલર પેજ છાપવાનો દર રૂ. ૨૧૦૦/–** રાખેલ છે.
- દિવાળી અંકમાં આખા પેજ પર સિંગલ કલરમાં જા.ખ. છાપવાનો દર **રૂ. ૧૦૦૦/–** છે જ્યારે અડધા પાનાની સિંગલ કલર જા.ખનો દર **રૂ. ૫૦૦/–** છે.
- માત્ર દિવાળી અંક માટેની પેનલ જા.ખનો દર **રૂ. ૨૫૦/–** રાખેલ છે.
- દિવાળી અંકમાં જા.ખ અંગે વ્યવસ્થાપક શ્રી હર્ષ પરીખનો (મો. ૯૪૨૭૯ ૫૪૯૬૮) **૨૫–૦૯–૨૦૨૪ પહેલા** સંપર્ક કરવો.
- દિવાળી અંક માટેના અહેવાલ, વાર્તાઓ, લેખ તથા કવિતાઓ મોકલવાની **છેલ્લી તારીખ ૨૫–૦૯–૨૦૨૪** છે જે ફક્ત તંત્રીશ્રીને મોકલવા.

*Best Wishes From*



# Shri Jethalal Acharatal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

JB
**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

JB
**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

JP
**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

JP
**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai - Kokilaben Parikh
Harshul - Alpa, Mrugesh - Ratna
Bhrita - Aakar Choksi
Darsh - Ankita, Parita, Darshil,
Bakul - Nita Dalal
Meera - David Burns
Chinmay - Natasha Dalal

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.
પ્રકાશન ૧૦/૮/૨૦૨૪



ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર
તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ
મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

PRINTED BOOK AUGUST 2024

If undelivered please return to : Nishith Parikh, D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470 E- Mail : vayvaset@gmail.com

Printed and Published by Nishith Parikh on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery: 2/B, Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad - 380 006 and published from D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470. Editor : Nishith Parikh